RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 185* Date: 03.05.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભારતમાં કોરોનાનો કેરઃ કુલ પોઝિટિવ કેસો વધીને ૩૭ હજારને પાર


# ૨૪ કલાકમાં રેકોર્ડ ૨૩૯૩ પોઝિટિવ કેસઃ ૭૧ના મોત

ન્યુ દિલ્હી,તા.૨

સમગ્ર દુનિયામાં ભારે હાહાકાર મચાવનાર કોરોના વાઈરસથી ભારતમાં અત્યાર સુધી ૩૭,૨૬૨ લોકો સંક્રમિત થયા છે અને ૧,૨૨૩ લોકોના મોત થયા છે. ભારતમાં કેસોની સંખ્યા છેલ્લાં ગણતરીના સમયમાં જ વધ્યા છે. જેના કારણે ઘણાં વિસ્તારો રેડઝોનમાં આવી ગયા છે. આ સાથે જ હવે મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧૧ હજારને પાર થઈ ગયો છે અને બીજા ક્રમે ગુજરાતમાં ૪ હજારથી વધુ લોકો આ મહામારીમાં સપડાયા છે. ત્રણ હજારથી વધુ કેસ સાથે રાજધાની દિલ્હી ત્રીજા નંબરે છે. આ આંકડા covid19india.org વેબસાઈટ અને રાજ્ય સરકાર દ્વારા મળેલી માહિતી પ્રમાણે છે.

શનિવારે આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયે માહિતી આપીને જણાવ્યુ કે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨૨૯૩ નવા પૉઝિટીવ કેસ સામે આવ્યા છે. આ સાથે જ કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા વધીને ૩૭૩૩૬ થઈ ગઈ છે. વળી, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસ ૭૧ લોકોનો જીવ લઈ ચૂક્યા છે.

દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા વધીને ૩૭૩૩૬ થઈ છે ભારતમાં કોરોનાથી ૧૨૧૮



લોકોએ જીવ ગુમાવ્યો હતો .દેશમાં અત્યાર સુધીમાં ૯૯૫૦ કોરોના દર્દીઓ સ્વસ્થ થયા છે .મહારાષ્ટ્ર, ગુજરાત, દિલ્હી સૌથી અસરગ્રસ્ત રાજ્યો છે

દરમ્યાનમાં, કેન્દ્રીય સુરક્ષા બળના વધુ ૬૮ જવાનોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ તમામ પૂર્વ દિલ્હી ખાતે આવેલા CRPF બટાલિયનના એક કેમ્પમાંથી જ છે. અત્યાર સુધી આ કેમ્પમાં ૧૨૨ સંક્રમિત મળ્યા છે. હવે તેમની સાથે સુરક્ષાબળના ૧૨૭ જવાનોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેમાંથી એક જવાન ઠીક થયો છે, જ્યારે એકનું મોત થયું છે. ઝઈૅહ્લ દેશની સૌથી મોટી પેરામિલેટ્રી ફોર્સ છે. જેમાં લગભગ ૩.૨૫ લાખ જવાન અને અધિકારીઓ અલગ અલગ રેક્ર પર સેવા આપે છે.

દિલ્હીમાં કોરોના સંક્રમણ પ્રભાવિત ચાર રેડ ઝોનને લિસ્ટમાંથી હટાવી દેવાયા છે. હવે અહીંયા ૯૭ રેડ ઝોન છે. દિલ્હીના કાપશેરામાં એક જ બિલ્ડિંગના ૪૧ લોકો કોરોના પોઝીટીવ જાહેર થતાં હડકંપ મચી ગયો હતો. વાસ્તવમાં , ૧૮ એપ્રિલના રોજ, દિલ્હીના કપશેરામાં એક મકાનમાં કોરોનાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ગીચ વિસ્તારને જોતાં વહીવટીતંત્રએ ૧૯ એપ્રિલના રોજ આ વિસ્તાર સીલ કરવાનો આદેશ આપ્યો હતો. આ પછી, ૨૦ એપ્રિલે અહીંથી ૯૫ લોકોના નમૂના લેવામાં આવ્યા હતા અને ૨૧ એપ્રિલે ૮૦ લોકોના નમૂના લેવામાં આવ્યા હતા અને આ નમૂનાઓ નોઈડાના એનઆઈબી લેબમાં મોકલવામાં આવ્યા હતા. કુલ મળીને ૧૭૫ લોકોના નમૂનામાંથી ૬૭ લોકોના નમૂનાનો અહેવાલ આજે આવ્યો છે. આમાંથી ૪૧ લોકોને કોરોના ચેપ લાગ્યો છે. બીજી તરફ, કોરોનાને કારણે પંજાબમાં ફસાયેલા ૨૭૧ બ્રિટિશ નાગરિક લંડન જવા માટે રવાના થયા હતા.

લોકડાઉન વચ્ચે અન્ય રાજયોમાં ફસાયેલા મજૂર, વિદ્યાર્થી અને અન્ય લોકો માટે ૨૪ કલાકમાં ૬ સ્પેશ્યલ ટ્રેન દોડાવાઈ છે. પહેલી ટ્રેન ગુરુવારે સવારે તેલંગાણાના લિંગમપલ્લીથી ઝારથંડના હટિયા સુધી ચલાવાઈ હતી. જે મોડી રાતે હટિયા પહોંચી ગઈ છે. આ ઉપરાંત બાકી ૫ ટ્રેન છે જયપુર(રાજસ્થાન)થી પટના(બિહાર), કોટા(રાજસ્થાન)થી હટિયા(ઝારખંડ), નાસિક(મહારાષ્ટ્ર)થી લખનઉ(ઉત્તરપ્રદેશ), નાસિક(મહારાષ્ટ્ર)થી ભોપાલ(મધ્યપ્રદેશ), લિંગમ્પલ્લી (તેલંગાણા)થી હટિયા(ઝારખંડ) અને અલુવા(કેરળ)થી ભુવનેશ્વર(ઓરિસ્સા).

મધ્યપ્રદેશના ૨૮ જિલ્લાઓના ૩૪૭ મજૂરોને લઈને મહારાષ્ટ્રના નાસિકથી દોડાવાયેલી ટ્રેન શનિવારે ભોપાલ પહોંચી છે. અહીંયા મિસરોજ સ્ટશન પર તમામ મજૂરોનું થર્મલ સ્ક્રીનિંગ કરાયું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, તમામ મજૂરો સ્વસ્થ છ. હવે તેમને તેમના જિલ્લાઓમાં પહોંચાડવામાં આવશે. ત્યાં તેમની ફરી તપાસ કરવામાં આવશે.

### કુલ મૃત્યુઆંક ૬૪ હજારને પાર,સંક્રમિતોનો આંકડો ૧૧ લાખથી વધુ

## અમેરિકામાં કોરોના વાયરસનું તાંડવઃ ૨૪ કલાકમાં ૧૮૦૦થી વધુના મોત



વોશિંગ્ટન,તા.૨

ચીનના વુહાનથી શરૂ થયેલુ કોરોના વાઈરસનું સંક્રમણ સમગ્ર વિશ્વમાં તાંડવ મચાવી રહ્યું છે. અમેરિકામાં કોરોના પોઝિટિવ કેસો સતત વધી રહ્યા છે અને મોતનો આંકડો પણ છેલ્લા કેટલાક દિવસોથી અટકવાનું નામ નથી લઈ રહ્યો. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૦૦થી વધુ લોકોના મોત કોરોનાના કારણે થયા છે.

જો કોરોના વાઈરસના આંકડા પર નજર નાંખીએ તો, જૉન હોપકિન્સ યુનિવર્સિટીના જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકામાં ૧૮૮૩ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ દેશમાં કોરોનાના કારણે મોતને ભેટેલા લોકોનો આંકડો ૬૪,૮૦૪ પર પહોંચી ગયો છે. જયારે અમેરિકામાં અત્યાર સુધી ૧૧,૦૩,૧૧૭ લોકો કોરોનાથી સંક્રમિત છે.

અમેરિકન મીડિયા રિપોર્ટ પ્રમાણે, યુએસ પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના ગિલિયડની રેમડેસિવિર દવાને કોરોના સંક્રમિત દર્દીઓની સારવારમાં ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે.

અમેરિકાના રાજ્યોમાં ૧૭ થી ૨૪ માર્ચ વચ્ચે લૉકડાઉન લાગુ થયું હતુ. અમેરિકન ઉપરાષ્ટ્રપતિ માઈક પેન્સે જણાવ્યું કે, ૩૫ રાજ્યોમાં ફરીથી કામકાજ શરૂ કરવા મટાટે ઔપચારિક યોજનાઓ શરૂ કરી દેવામાં આવે છે. ટેક્સાસ, મેઈને, અલ્બામા, ટેનેસી જેવા રાજ્યોમાં શુક્રવારે જ લૉકડાઉન સમાપ્ત થયું છે.

### કોરોના ગ્લોબલ ઈમરજન્સી બની રહેશે, અત્યારે તેનાથી છૂટકારો સંભવ નથી

## કોરોના વાયરસ પ્રાકૃતિક રીતે ઉત્પન્ન થયો છેઃ WHO

જિનિવા,તા.૨

ચીનથી ફેલાયેલ ખતરનાક વાયરસ અને વૈશ્વિક મહામારી કોરોના વાયરસને લઈ હવે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ઈમરજન્સી સ્થિતિઓના પ્રમુખ ડોક્ટર માઈકલ રાયને મહત્વનું નિવેદન આપ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ રાયને કહ્યું કે કોરોના વાયરસ પ્રાકૃતિક રીતે ઉત્પન્ન થયો છે. તેમનું આ નિવેદન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એવા નિવેદન પછી આવ્યું જેમાં ટ્રમ્પે કહ્યું હતું કે તેમની પાસે ઘણી એવી માહિતી છે જે સંકેત આપે છે કે કોરોના વાયરસ ચીનની વાયરોલોજી ઈન્સ્ટિટ્યૂટ લેબથી પેદા થયો છે.મીડિયા રિપોર્ટ મુજબ રાયને કહ્યું કે વિશ્વ આરોગ્ય સંસ્થાની ટીમે વારંવાર ઘણા બધા એવા વૈજ્ઞાનિકો સાથે આ અંગે ચર્ચા કરી. જેમને વાયરસના જીન સીક્વેન્સને જોયો છે અને અમને એ વાત પર સંપૂર્ણ વિશ્વાસ છે કે વાયરસ પ્રાકૃતિક રીતે પેદા થયો છે. આ સિવાય તેમને એમ પણ કહ્યું કે કોરોના વાયરસથી પ્રાકૃતિક હોસ્ટની શોધ કરવી જરૂરી છે. જેથી આ અંગે વધુ માહિતી મળવી શકાય અને ભવિષ્યમાં એવા જોખમથી બચી શકાય.

આપણે જણાવી દઈએ કે આ પહેલા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ હતું કે તેમણે પૂર્ણ વિશ્વાસ છે કે કોરોના વાયરસ ચીનની વાયરોલોજી ઈન્સ્ટિટ્યૂટથી પેદા થયો છે. ટ્રમ્પ વારંવાર ચીન પર આરોપ લગાવતા રહ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ તેમણે તો એમ પણ કહ્યું હતું કે તેઓ ચીન પર લાગતા ટ્રેરિફમાં પણ વધારો કરશે. કારણ કે ચીનના કારણ હાલ અમેરિકાના હાલ બેહાલ છે. ઉલ્લેખનીય છે કે વિશ્વના મોટા ભાગના વૈજ્ઞાનિકોનું માનવું છે કે કોરોના વાયરસ ચીનના વુહાન શહેરમાં આવેલ એક એનિમલ માર્કેટમાંથી પેદા થયો છે. જો કે, અત્યાર સુધી આ અંગે કોઈ પુષ્ટિ થઈ નથી.

### વિશ્વમાં ચીન વિરૂદ્ધના માહોલનો ફાયદો ઉઠાવી ભારત નિકાસ વધારેઃ ગડકરી

## અર્થતંત્રને બચાવવા સરકાર ૩ લાખ કરોડનું પેકેજ જાહેર કરે તેવી શક્યતા

ન્યુ દિલ્હી,તા.૨

દેશમાં કોરોના વાયરસના કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને આ વૈશ્વિક મહામારીનો સામનો કરવા માટે ૧૭મી મે સુધીના લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે લોકડાઉનના કારણે અર્થતંત્રને ભારે મોટું નુકસાન થઈ શકે છે. જો કે, દેશના લથડાઈ રહેલા અર્થતંત્રને બચાવવા માટે સરકાર ટૂંક સમયમાં જ રાહત પેકેજની જાહેરાત કરી શકે છે.

એક અહેવાલ પ્રમાણે મહત્તમ ૬૦ અબજ ડોલર એટલે કે આશરે ૪.૫ લાખ કરોડ રૂપિયા કોરોના સંબંધી ખર્ચ થઈ શકે છે. સરકારને ડર છે કે, જો ખર્ચ આનાથી પણ વધી જશે તો ભારતનું ક્રેડિટ રેટિંગ ઘટશે અને તેનાથી અર્થતંત્રને ભારે નુકસાન પહોંચશે. રેટિંગ એજન્સી ફિચે જો ભારતનું ફિસ્કલ આઉટલુક વધુ ખરાબ થશે તો રેટિંગ પરનું દબાણ ખૂબ વધી જશે તેમ જણાવ્યું હતું.

ભારત સરકારે પહેલાથી જ ૧.૭ લાખ કરોડ રૂપિયાના રાહત પેકેજની ઘોષણા કરેલી છે જે જીડીપીના આશરે ૦.૮૦ ટકા જેટલું છે. આ સંજોગોમાં બીજું રાહત પેકેજ જાહેર કરવા માટે સરકાર પાસે જીડીપીની ૧.૫-૨ ટકા સ્પેસ જ બાકી રહે છે. આ કારણે સરકાર મહત્તમ ત્રણ લાખ કરોડ રૂપિયાના



રાહત પેકેજની જાહેરાત કરી શકે છે.

કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ કોરોના સંકટ વચ્ચે દબાણનો સામનો કરી રહેલા ક્ષેત્રોના સમર્થન માટે શક્યતઃ ગંભીરતાથી રાહત પેકેજ જાહેર કરવા વિચારણા ચાલી રહી હોવાનું જણાવ્યું હતું. આ મામલે વડાપ્રધાન સ્તરે નિર્ણય લેવામાં આવશે. ગડકરીએ સરકાર મજબૂતાઈથી ઉદ્યોગોને ટેકો આપી રહી છે તેમ જણાવીને રિયલ એસ્ટેટ ક્ષેત્રની સમસ્યાઓના ઉકેલ માટે પ્રયત્ન ચાલુ હોવાનું જણાવ્યું હતું.

આ ઉપરાંત સરકાર કૃષિ, સૂક્ષ્મ-લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્ર માટે અલગથી નીતિ બનાવવા પણ વિચારી રહી છે. વધુમાં ગડકરીએ જણાવ્યું કે, વિશ્વમાં ચીન વિરૂદ્ધ જે માહોલ સર્જાઈ રહ્યો છે તેનો ભારતે આર્થિક ફાયદો ઉઠાવવો જોઈએ અને નિકાસ વધારીને આર્થિક વૃદ્ધિ દર વધારવા પર ધ્યાન આપવું જોઈએ.

### રાજકોટ અને કચ્છની કોવિડ હોસ્પિટલો ઉપર ફૂલો વરસાવશે

## કોરોના વોરિયર્સના સન્માનમાં આજે એરફોર્સ કરશે હોસ્પિટલો પર પુષ્પ વર્ષા

ન્યુ દિલ્હી,તા.૨

ભારતીય સેના કોરોના વાયરસ વિદ્ધ લડાઈમાં પ્રત્યેક મોરચા પર તૈનાત કોરોના યોદ્ધાઓના સમર્થનમાં ૩ મેએ લાય પાસ્ટ કરશે અને કોવિડ-૧૯ સ્પેશિયલ હોસ્પિટલો પર પુષ્પ વર્ષા કરશે. આ દરમિયાન નેવીના યુદ્ધ જહાજો પર રોશની કરવામાં આવશે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતે સેનાના ત્રણેય પ્રમુખો સાથે એક પત્રકાર પરિષદમાં તેની જાણકારી આપી હતી.

જનરલ રાવતે કહ્યું છે કે સમગ્ર દેશ કોવિડ-૧૯ મહામારી વિદ્ધ લડી રહ્યો છે. અમે બધા કોરોના વોરિયર્સ પ્રત્યે અમારી કૃતજ્ઞતા વ્યકત કરીએ છીએ જે આપણને સુરક્ષિત રાખવા માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. કોરોના સામે લડનારા લોકો સાથે દેશની સશક્ર સેના મજબૂતીથી ઊભી છે. સમગ્ર વિશ્વ કોરોનાના સંકટ સામે લડી રહ્યું છે. અમે સેના તરફથી કોરોના વિદ્ધ લડાઈ લડી રહેલા યોદ્ધાઓને સલામ કરીએ છીએ. દેશની સેના તેમની સાથે છે.તેમણે જણાવ્યું છે કે ૩ મેએ એરફોર્સ દેશભરમાં લાય પાસ્ટ કરશે. એક લાઈ પાસ્ટ શ્રીનગરથી શ કરીને તિવનંતપુરમ સુધી પહોંચશે. બીજી દિબ્રુગઢથી કચ્છ સુધી જશે. ઈન્ડિયન એરફોર્સના ફિકસડ વિંગ અને એરક્રાટ લાઈ પાસ્ટમાં ભાગ લેશે. યારે નેવીના હેલિકોપ્ટર કોવિડ-૧૯ દર્દીઓની સારવાર કરી રહેલી હોસ્પિટલો પર પુષ્પ વર્ષા કરશે. ઈન્ડિયન આર્મી પોતાની તરફથી દેશભરના મોટા ભાગના જિલ્લાઓમાં કેટલીક કોવિડ હોસ્પિટલો સાથે માઉન્ટેન બેન્ડ ડિસ્પ્લે કરશે. પોલીસ દળના સમર્થનમાં સશક્ર દળ ૩ મેએ પોલીસ મેમોરિયલ પર માલ્યાર્પણ કરશે.

## ભારતના વિદેશી હૂંડિયામણમાં ૧૧.૩ કરોડ ડોલરનો ઘટાડો

મુંબઈ,તા.૨

વિતેલા કેટલાક સપ્તાહો દરમિયાન સતત વૃદ્ધિ દર્શાવ્યા બાદ ભારતના વિદેશી હૂંડિયામણમાં ઘટાડો જોવા મળ્યો છે. રિઝર્વ બેક્રના આંકડા મુજબ ૨૪ એપ્રિલના રોજ સમાપ્ત થયેલા સપ્તાહ દરમિયાન ભારતનું ફોરેક્સ રિઝર્વ ૧૧.૩ કરોડ ડોલર ઘટીને ૪૭૯.૪૫ અબજ ડોલર થયુ છે. ફોરેક્સ રિઝર્વમાં ધોવાણ એ વિદેશી ચલણમાં ઘટાડાને આભારી છે. જયારે તેની અગાઉના સપ્તાહ દરમિયાન ભારતનું ફોરેક્સ રિઝર્વ ૩.૦૯ અબજ ડોલર વધીને ૪૭૯.૫૭ અબજ ડોલર નોંધાયુ હતુ.

નોંધનિય છે કે વિતેલ ૬ માર્ચ, ૨૦૨૦ના રોજ સમાપ્ત થયેલા સપ્તાહના અંતે ભારતનું વિદેશી હૂંડિયામણ ભંડોળ ૫.૬૯ અબજ ડોલર વધીને ૪૮૭.૨૩ અબજ ડોલરની ઐતિહાસિક ઉંચાઈને આંબી ગયુ હતુ.

તો વિતેલ સમગ્ર નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ભારતના વિદેશી હૂંડિયામણમાં ૬૨ અબજ ડોલરનો વધારો થયો છે.

ગત ૨૪ એપ્રિલના રોજ સમાપ્ત થયેલ સપ્તાહ દરમિયાન ફોરેન કરન્સી એસેટ્સ જે સમગ્ર વિદેશી હુંડિયામણ ભંડોળનો એક મુખ્ય હિસ્સો છે તે ૩૨.૧ કરોડ ડોલર ઘટીને ૪૪૧.૫૬ અબજ ડોલર રહ્યો હતો. ફોરેન કરન્સી એસેટ્સમાં ભારત પાસે યુએસ ડોલર સિવાય યેન, યુરો, પાઉન્ડ, યુઆન અને અન્ય દેશોની અનામતોના યુએસ ડોલરની સાથેના વિનિમય મૂલ્યમાં થયેલા વધારા-ઘટાડાની અસર પણ જોવા મળે છે.

રિઝર્વ બેક્રના આંકડા મુજબ સમિક્ષાધીન સમયગાળા દરમિયાન ભારતનું ગોલ્ડ રિઝર્વ ૨૨.૧ કરોડ ડોલર વધીને ૩૨.૯૦ અબજ ડોલર થયુ હતુ. તો ઈન્ટરનેશનલ મોનેટરી ફંડમાં ભારતના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૬૦ લાખ ડોલર ઘટીને ૧.૪૨ અબજ ડોલર થયા હતા. તો ભારતની રિઝર્વ પોઝિશન પણ ૮૦ લાખ ડોલર ઘટીને ૩.૫૭ અબજ ડોલર થઈ હતી.

**ગુજરાતમાં કોરોનાના નવા 333 કેસ,**
**કુલ 5,054 કેસ**
**અમદાવાદમાં નવા 250 કેસ,**
**કુલ 3,543 કેસ**
**આજે 26 મોત સાથે કુલ મૃત્યઆંક 262**

## તંત્રી સ્થાનેથી...

# લોકડાઉન લંબાવવાનો વાંધો ન હોય શકે પરંતુ લોકોની જરૂરીયાતોની વ્યવસ્થા કોણ કરશે.....?

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને વિશ્વના દેશોને કોરોનાવાયરસ ભારે તબાહી સર્જશે એવી ચેતવણી આપી છે. અને ખરેખર વિશ્વના દેશોમાં કોરોના કેસો દિન બ દિન વધી રહ્યા છે. ત્યારે વિશ્વની મહાસત્તાઓ ના વૈજ્ઞાનિકો દવા શોધવામાં ગળાડૂબ છે. આ બધા વચ્ચે અમેરિકાએ કોરોના વાયરસ ની દવા શોધી કાઢી હોવાનો દાવો કર્યો છે અને ટૂંક સમયમાં જ દર્દીઓ ઉપર તેનો ઉપયોગ કરવામાં આવનાર છે. ત્યારે ભારતના ગુજરાતના વૈજ્ઞાનિકોએ કોરોના અંશ સૂત્ર શોધી કાઢ્યાનો દાવો કર્યા બાદ દવા સંશોધન તરફ આગળ વધી રહ્યા છે પરંતુ હજુ સુધી તે માટેનો દાવો કર્યો નથી. ભારતમાં કોરોનાની સંખ્યા દિન-પ્રતિદિન આગળ વધતી જઈ રહી છે અને ૩૫૪૫૭ લોકોના પોઝિટિવ કેસ નોંધાયા છે, જ્યારે મૃતાંક ૧૨,૦૦૦ એ પહોંચી ગયો છે જેના કારણે કેન્દ્ર સરકારની ચિંતામાં વધારો થયો છે.મોદીજી સતત દરેક રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે ટેલીકોન્ફરન્સ યોજવા સાથે અધિકારીઓ સાથે બેઠકોનો દોર શરૂ કરી દીધો છે. આખરે ૧૭ મી મે સુધી ર્ર્ઙ્ઘષ્ઠાર્ઙ્ઘુહ લંબાવવાની ફરજ પડી છે. પરંતુ કોરોના દર્દીઓના સ્પોટ નક્કી કરી દેશભરમાં ત્રણ ઝોપ નક્કી કરી દેવામાં આવ્યા છે જેમાં રેડ ઝોન અને ઓરોન્જ ઝોન તથા ગ્રીન ઝોન. ઓરેન્જ ઝોન માટે કેટલાક નિયમોને આધીન છૂટછાટ આપી દીધી છે. તો મજૂરોને, રોજમદારોને, નોકરિયાતોને પૂરતી આવક મળી રહે તે માટે કેટલાક નાના મોટા ઉદ્યોગો, ધંધા- રોજગારને છૂટ આપતા લોકોમાં હાશકારો થયો છે......! પરંતુ અનેક તજગ્યોએ દેશમાં લાકડાઉન લંબાવવાને કારણે ભૂખમરાથી વધુ મોત થશે તેવી દહેશત વ્યક્ત કરી છે....! તો દેશભરમાં આર્થિક સ્થિતિ વધુ કફોડી બનશે તેવી દહેશત પણ કરવામાં આવી છે....:!દેશભરમાં કોરોનાવાયરસ ને ૩૭ હજારથી વધુ કેસ નોંધાયા છે. જ્યારે મૃતાક ૧૩૦૦ તરફ આગળ વધી રહ્યો છે. દેશમાં કેન્દ્ર સરકારે જે તે રાજ્યના પર પ્રાંતિયોને વતન પહોંચાડવા આદેશો આપ્યા બાદ રાજ્યોને બસોની સુવિધા કરવા તરફ દોડવું પડ્યું છે. કોરોના સલામતીના કારણોસર ટ્રેન દ્વારા મજૂરોને પોતાના વતન મોકલવા આયોજન કરવું જોઈએ..... પરંતુ તેવી જવાબદારી અપવાદરૂપ રાજ્ય છોડીને લીધી નથી અને રાજ્યો પર ઢોળી દીધી છે જે કેન્દ્ર સરકારને માટે ટીકાનુ કારણ બની ગયું છે. આવા મહામારીના સમયમાં ગુજરાતમાં દિન બ દિન કોરોના સંક્રમિતોની સંખ્યા અને વધતા મૃતાકને લઈને આમ ગુજરાતમાં લોકોમાં ભારે ડર ફરી વળ્યો છે. ગુજરાતનો કારોબાર જ્યાથી ચલાવવામાં આવે છે તે ગુજરાતના પાટનગર ગાંધીનગરને રેડ ઝોનમાં મુકવું પડ્યું છે. અને હવે ગુજરાતમાં તો કોરોના વાયરસ કિલર બની ગયો છે. ગુજરાતમાં ક્યારે ૪૭૨૩ કેસો નોંધાયા છે જ્યારે મૃતાક ૨૩૯ પર પહોંચી ગયો છે. તેમાં પણ ગુજરાતના અમદાવાદ કોરોના કેસોની સંખ્યામાં અને મૃત્યુ આંકમાં સૌથી આગળ છે. જેના કારણે સરકાર અને અમદાવાદ મનપા તંત્ર ભારે વિમાસણમાં મુકાઈ ગયું છે.....! એકલા અમદાવાદમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૨૦૦ થી ઉપર જવા લાગી છે. જ્યારે મૃતાક ૧૬૫ થી આગળ વધી રહ્યો છે. તંત્ર અનેક સેવાઓનુ સંકલન કરવામાં નિષ્ફળ રહ્યુ છે તેવી લોકોમાં ફરિયાદ ઉઠવા પામી છે....

## દૈનિક રાશીફળ

તા.૦૩-૦૫-૨૦૨૦ રવિવાર

**મેષ (અ.લ.ઈ.) :-** મિત્રો સગા સ્નેહીજનો સાથે મિલન મુલાકાત થાય ઉત્સાહ વધવાનો. અચાનક લાભની આશા ફળવાની રોમાન્સમાં સફળતા.

**વૃષભ (બ.વ.ઉ.) :-** બીઝનેશના પ્રશ્નમાં દિવસ લાભદાયી નીવડે આર્થિક લાભ મલવાનો તબીયત બાત બેદરકારી ન રાખવી. મિલકતથી લાભ.

**મિથુન (ક.છ.ઘ.) :-** શુભેચ્છકોનો સહયોગ મલવાનો નવા આયોજન બાબત સફળતાવાળો દિવસ રહે. સ્નાયુને લાભ તકલીફોથી જાળવવું.

**કર્ક (ડ.હ.) :-** મનગમતી વ્યકિતની મુલાકાત થાય ઉત્સાહ વધવાનો ખાણી પીણીથી જળવવું કિંમતી ચીજ વસ્તુની ખરીદી થાય.

**સિંહ (મ.ટ.) :-** ખુશામત ખોરોથી જાળવજો. મિલ્કતના પ્રશ્નોથી લાભ વધુ પડતો કાર્યભાર ટાળજો વિદેશથી સારો લાભ મલવાનો.

**કન્યા (પ.ઠ.ણ.) :-** કારણ વગરના વિચારોથી દૂર રહેજો સ્વજનો સાથે વિચાર વિર્મશ કરો -નકારાત્મક વિચારો દૂર રહેજો. પ્રવાસથી લાભ.

**તુલા (ર.ત.) :-** મનની ઇચ્છાઓ ફળવાની છે નોકરીમાં કોઇ સારો લાભ રહે. પિતાશ્રી સાથે દલીલ લાભથી દૂર રહેવું.

**વૃશ્ચિક (ન.ય.) :-** ખર્ચ ઉપર લગાવ રાખવી જરૂરી રહે. નવી ઓળખાણથી લાભ, નોકરીમાં સ્થિરતા રાખવી જરૂરી રહે.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** આર્થિક સાહસો માટે કોઇ ઉતાવળ ન કરવી મુલાકાત સફળ થાય. બીજા ઉપર વધુ વિશ્વાસ ન રાખવો.

**મકર (ખ.જ.) :-** અગત્યની કામગીરી આગળ વધવાની છે. વધુ પડતા અધીરા ન થતા વીજાતીય વ્યકિતથી લાભ રહેવાની.

**કુંભ (ગ.શ.સ.) :-** મિત્ર વર્તુળમાં વધારો થવાનો છે કુનેહ પૂર્વક નિર્ણયો લેજો સાંજ પછી કોઇ સારો લાભ રહે.

**મીન (દ.ચ.ઝ.) :-** મહત્વના કાર્યોમાં સફળતા રહે. આવક વૃધ્ધિ થાય પરિવારમાં ઉત્સાહ રહે. માંગલીક પ્રસંગો સફળ થાય.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૩/૦૫/૨૦૨૦, રવિવાર, વૈશાખ સુદ-૧૦
સૂર્યોદય-૬-૧૫, સૂર્યાસ્ત-૭-૧૩, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ પૂર્વા ફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૭-૫૨ થી ચલ-લાભ-અમૃત-૧૨-૪૪ સુધી,૧૪-૨૧ થી શુભ-૧૫-૫૮ સુધી,૧૯-૧૩ થી શુભ-અમૃત-ચલ-૨૩-૨૧ સુધી

**- શુભ હોરા-**

૭-૧૯થી ૧૦-૩૪ સુધી, ૧૧-૩૯થી ૧૨-૪૪ સુધી, ૧૪-૫૪થી ૧૮-૦૯ સુધી, ૧૯-૧૩ થી ૨૦-૦૮ સુધી

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧,૯૫૦ અને ચાંદીમાં રૂ.૧,૪૬૬નો મન્થલી ઉછાળો

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી એક્સચેન્જ એમસીએક્સ પર એપ્રિલ મહિના (૧થી ૩૦ એપ્રિલ) દરમિયાન કોમોડિટી વાયદાઓમાં કુલ રૂ.૨,૮૧,૮૪૬.૪૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં ઉછાળો હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૯૫૦ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧,૪૬૬ ઊછળ્યો હતો. બિનલોહ ધાતુઓમાં તાંબુ, નિકલ અને જસત વધવા સામે એલ્યુમિનિયમ ઢીલું હતું, જ્યારે સીસામાં મિશ્ર વધઘટ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાના ભાવમાં બેરલદીઠ રૂ.૬૬૨નો કડાકો બોલાયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદામાં મિશ્ર વલણ હતું. કપાસ, મેન્થા તેલમાં સુધારાના સંચાર સામે સીપીઓ અને એલચીમાં નરમાઈનો માહોલ વાયદાના ભાવમાં રહ્યો હતો.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો મહિનાના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨,૭૦૦ ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૭,૩૨૭ અને નીચામાં રૂ.૪૨,૬૨૨ના સ્તરને સ્પર્શી, આગલા મહિનાનાં રૂ.૪૨,૯૫૬ના બંધ સામે સમીક્ષા હેઠળના મહિનાના અંતે રૂ.૧,૯૫૦ (૪.૫૪ ટકા)ના ઉછાળા સાથે રૂ.૪૪,૯૦૬ના સ્તરે બંધ થયો હતો. ગોલ્ડ-ગિનીનો મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૪,૬૨૦ ખૂલી, મહિનાના અંતે રૂ.૨,૧૩૩ (૬.૧૫ ટકા) ઉછળી રૂ.૩૬,૮૩૬ થયો હતો. આ વાયદો મહિના દરમિયાન ઊપરમાં રૂ.૩૮,૦૨૦ અને નીચામાં રૂ.૩૪,૫૫૦ બોલાયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૨૯૦ ખૂલી, મહિનાના અંતે રૂ.૨૫૯ (૬.૦૨ ટકા) વધી બંધમાં રૂ.૪,૫૫૮ના ભાવ થયા હતા. આ વાયદો મહિના દરમિયાન ઊપરમાં રૂ.૪,૭૪૦ અને નીચામાં રૂ.૪,૨૭૫ બોલાયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨,૭૩૫ ખૂલી, મહિના દરમિયાન ઊપરમાં રૂ.૪૭,૨૯૦ અને નીચામાં રૂ.૪૨,૬૬૬ સુધી જઈ મહિનાના અંતે રૂ.૧,૬૭૬ (૩.૯૦ ટકા)ના ઉછાળા સાથે બંધમાં રૂ.૪૪,૬૪૭ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી મે વાયદો મહિનાના પ્રારંભે કિલોદીઠ રૂ.૩૯,૫૯૯ ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૪,૫૮૪ અને નીચામાં રૂ.૩૯,૪૫૧ના સ્તરને સ્પર્શી, આગલા મહિનાનાં રૂ.૩૯,૫૨૩ના બંધ સામે સમીક્ષા હેઠળના મહિનાના અંતે રૂ.૧,૪૬૬ (૩.૭૧ ટકા) વધી રૂ.૪૦,૯૮૯ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૦,૨૫૩ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૫,૨૩૪ અને નીચામાં રૂ.૪૦,૦૭૬ના મથાળે અથડાઈ, આગલા મહિનાનાં રૂ.૪૦,૨૯૨ના બંધ સામે સમીક્ષા હેઠળના મહિનાના અંતે રૂ.૧,૫૨૧ (૩.૭૭ ટકા)ના ઉછાળા સાથે રૂ.૪૧,૮૧૩ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૦,૪૩૧ ખૂલી, મહિના દરમિયાન ઊપરમાં રૂ.૪૫,૩૩૦ અને નીચામાં રૂ.૪૦,૧૮૮ સુધી જઈ મહિનાના અંતે રૂ.૧,૫૧૪ (૩.૭૫ ટકા) વધી બંધમાં રૂ.૪૧,૯૪૦ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબુ મે વાયદો કિલોદીઠ રૂ.૩૭૭.૧૦ ખૂલી, મહિનાના અંતે રૂ.૨૪.૫૦ (૬.૪૭ ટકા) વધી રૂ.૪૦૩.૪૫ બંધ થયો હતો, જ્યારે નિકલનો મે વાયદો કિલોદીઠ રૂ.૮૬૪.૧૦ ખૂલી, મહિનાના અંતે રૂ.૬૧.૩૦ (૭.૧૨ ટકા) વધી બંધમાં રૂ.૯૨૨.૬૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો મે વાયદો કિલોદીઠ રૂ.૧૩૪.૫૫ ખૂલી, મહિનાના અંતે રૂ.૨.૯૦ (૨.૧૫ ટકા) ઘટી રૂ.૧૩૧.૯૫, સીસું મે વાયદો રૂ.૧૩૩.૨૫ ખૂલી, મહિનાના અંતે ૧૦ પૈસા (૦.૦૭ ટકા) સુધરી રૂ.૧૩૩.૫૦ અને જસત મે વાયદો રૂ.૧૪૫.૨૦ ખૂલી, મહિનાના અંતે રૂ.૪.૭૦ (૩.૨૨ ટકા) વધી રૂ.૧૫૦.૬૦ના સ્તરે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો મે વાયદો મહિનાના પ્રારંભે બેરલદીઠ રૂ.૧,૯૧૯ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨,૪૫૮ અને નીચામાં રૂ.૭૯૫ બોલાઈ મહિનાના અંતે રૂ.૬૬૨ (૩૩.૪૯ ટકા)ના ભાવઘટાડા સાથે બંધમાં રૂ.૧,૩૧૫ના ભાવ થયા હતા, જ્યારે નેચરલ ગેસનો મે વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૩૫ ખૂલી, મહિનાના અંતે રૂ.૪.૯૦ (૩.૫૨ ટકા) વધી રૂ.૧૪૪.૨૦ થયો હતો. આ વાયદો મહિના દરમિયાન ઊપરમાં રૂ.૧૬૧.૯૦ અને નીચામાં રૂ.૧૩૧ બોલાયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)નો મે વાયદો મહિનાના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૬,૩૫૦ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૬,૯૭૦ અને નીચામાં રૂ.૧૬,૦૫૦ના મથાળે અથડાઈ, આગલા મહિનાનાં રૂ.૧૬,૪૦૦ના બંધ સામે સમીક્ષા હેઠળના મહિનાના અંતે રૂ.૫૦ (૦.૩૦ ટકા)ના ભાવઘટાડા સાથે રૂ.૧૬,૩૫૦ના સ્તરે બંધ થયો હતો.

કપાસનો એપ્રિલ-૨૦ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૯૪૧.૫૦ ખૂલી, મહિના દરમિયાન ઊપરમાં રૂ.૯૮૬ અને નીચામાં રૂ.૯૩૩ બોલાઈ, મહિનાના અંતે રૂ.૨૧.૫૦ (૨.૨૮ ટકા) વધી રૂ.૯૬૫.૫૦ના સ્તરે બંધ થયો હતો.

ક્રૂડ પામતેલ (સીપીઓ)નો મે વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૬૫૨ ખૂલી, મહિનાના અંતે રૂ.૪૯.૩૦ (૭.૪૯ ટકા) ઘટી રૂ.૬૦૯ બંધ થયો હતો. આ વાયદો મહિના દરમિયાન ઊપરમાં રૂ.૬૭૫ અને નીચામાં રૂ.૫૯૨ બોલાયો હતો.

એલચીના વાયદાઓમાં મે વાયદો કિલોદીઠ રૂ.૧,૮૫૦ ખૂલી, મહિનાના અંતે આ વાયદો રૂ.૧૮૫ (૯.૯૮ ટકા) ઘટી રૂ.૧,૬૬૯.૧૦ના સ્તરે બંધ થયો હતો.

મેન્થા તેલનો મે વાયદો મહિનાના પ્રારંભે કિલોદીઠ રૂ.૧,૦૬૯.૯૦ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧,૨૦૦ અને નીચામાં રૂ.૧,૦૬૯.૯૦ બોલાઈ, મહિનાના અંતે રૂ.૧૧૧.૬૦ (૧૦.૪૬ ટકા) ઉછળી બંધમાં રૂ.૧,૧૭૮.૯૦ના ભાવ થયા હતા.

# ઉદ્યોગપતિઓની ૬૮ હજાર કરોડની લોન માંડવાળ કરનાર સરકાર ખેડૂતોની સંપૂર્ણ દેવામાફી કરે: અમીત ચાવડા

ગુજરાત સહીત દેશભરમાં લોકડાઉનની પરિસ્થિતિ છે ત્યારે અનેક દિવસોથી કામ –ધંધા-રોજગાર બંધ રાખીને ઘરે રહીને કોરોનાણે મ્હાત કરવાની લડાઈમાં સરકારને સહકાર આપી રહેલી સામાન્ય જનતાના વિવિધ પ્રશ્નો- સમસ્યાઓને લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમીત ચાવડા દ્વારા ફેસબુક લાઈવના માધ્યમથી મિડિયાના મિત્રો અને લોકો સાથે જોડાઈ સરકાર સમક્ષ પ્રશ્નો અને માંગણીને લઈને રજૂઆત કરવામાં આવી.

જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, ''૩૦ જાન્યુઆરીએ ઉર્ઁ દ્વારા દેશની સરકારને ચેતવણી આપવામાં આવી,૧૨ મી ફેબ્રુઆરીએ શ્રી રાહુલ ગાંધીએ પણ ટ્વીટના માધ્યમથી સરકારનું ધ્યાન દોર્યું તથા અનેક નિષ્ણાંતોએ સરકારને સાવચેતીના પગલા લેવા ચેતવી પરંતુ તે વખતે ગુજરાત સરકાર ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચી નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં લાખોની ભીડ ભેગી કરવામાં વ્યસ્ત હતી, કોંગ્રેસના ધારાસભ્યોને ખરીદવામાં વ્યસ્ત હતી સરકારે ધ્યાન ના આપતા ધીમે ધીમે આ મહામારીએ ભરડો લીધો છે.

જે પ્રકારે સરકારે દેશની બેન્કોને ડૂબાડનાર વિજય માલ્યા, નિરવ મોદી, મેહુલ ચોકસી અને બાબા રામદેવ જેવા ૫૦ જેટલા ઉદ્યોગપતિઓને દેશની સરકારે ૬૮,૬૦૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ માંડવાળ કરી છે તો ગુજરાતના ખેડૂતોના સંપૂર્ણ દેવાની માફી કરવામાં આવે. તેમજ ગુજરાતના નાના વેપારી, ધંધો વેપાર કરનારાઓને પણ ધિરાણ પર ૧ વર્ષ સુધી વ્યાજની માફી કરવામાં આવે.

ગુજરાતના જે નાગરિકો અચાનક ૨૪ તારીખે લોકડાઉન જાહેર થતા વાહનવ્યવહાર સુવિધા બંધ થવાના કારણે અન્ય રાજ્યોમાં ફસાયેલા છે તેમને પરત લાવવામાં આવે. ગુજરાતમાં અન્ય રાજ્યના પરપ્રાંતીયો લોકડાઉનના કારણે ફસાયેલા છે તેમને મેડીકલ ટેસ્ટ કરી પરત મોકલવામાં આવે. રાજ્યના જે નાગરિકો ગુજરાતમાં જ અન્ય જીલ્લામાં ફસાયેલા છે અને વતન જવા માંગતા હોય તેમની મેડીકલ તપાસ કરી વતન જવાની મંજુરી આપવી જોઈએ.''

વધુમાં શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, ૧૯ માર્ચે ગુજરાતમાં કોરોનાનો પ્રથમ કેસ અને આ ૪૧ દિવસમાં જનતા કર્ફ્યું, લોકડાઉન -૦૧ અને ૦૨ પછી ગુજરાતમાં ૪૦૮૨ જેટલા પોઝીટીવ કેસ, ૫૨૭ લોકો રીકવર થયા, ૧૧૭ લોકોના મૃત્યુ પામ્યા છે.ગુજરાતમાં ૪૧ દિવસમાં કુલ ૫૬ હજાર ટેસ્ટ કરવામાં આવ્યા છે. એટલે સરેરાશ દૈનિક ૧૩૦૦-૧૩૫૦ લોકોનું ટેસ્ટીંગ થયું છે. જો રોજના ૫ હજાર કરતા વધારે લોકોનું ટેસ્ટીંગ થશે તો લોકોને બચાવી શકીશું. વારેવારે મીડિયામાં આવતા, મોટા મોટા ભાષણો આપતા ભાજપના નેતાઓ આ સંકટના સમયે ક્યાં છુપાઈ ગયા છે?

રાજ્યના મુખ્યમંત્રી જાહેરાત કરે અને અધિકારીઓ બીજા દિવસે બદલી નાખે. તો શું સરકાર પ્રજાના પ્રતિનિધિઓ ચલાવે છે કે અધિકારીઓ ? લોકો કોની વાત પર વિશ્વાસ મુકે ? સરકારી હોસ્પિટલોમાં પુરતી સુવિધા નથી, બેડ નથી, આવશ્યક સેવા નથી મળતી. ખાનગી હોસ્પિટલો આઠ લાખ સુધીની ફી લેવાની વાત કરે ત્યારે રાજ્યના આરોગ્યમંત્રી ક્યાં છુપાઈને બેઠા છે. હાલની પરિસ્થિતિમાં પોલીસ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે, પણ કેટલીક જગ્યાએ નિર્દોષ લોકોને માર મારવામાં આવે છે, વાહન ડીટેઈન કરવામાં આવે છે, મોટા દંડ કરવામાં આવે છે તેવા સંજોગોમાં રાજ્યના ગૃહમંત્રી કેમ સામે નથી આવતા?''

વધુમાં શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે,

૩ મે ૨૦૨૦ ના રોજ લોકડાઉન પૂરું થશે કે કેમ, જો લોકડાઉન પૂરું થશે તો ત્યારબાદ સરકારનું શું આયોજન છે ?

"જે રીતે એપ્રિલ મહિનામાં તમામ રેશનકાર્ડ ધારકોને મફત અનાજનો પુરવઠો આપવામાં આવ્યો તે જ રીતે મે અને જુન મહિનામાં તમામ રેશનકાર્ડ ધારકોને મફત અનાજનો પુરવઠો તથા બે લીટર તેલ પણ આપવામાં આવે.

રાજસ્થાન સરકારની માફક ગુજરાતના તમામ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને એપ્રિલ- મે અને જુન મહિનાનું લાઈટબીલ, ઘરવેરા- પાણી વેરા તથા તમામ નાના મોટા વેરા માફ કરવામાં આવે.

ગુજરાતના મધ્યવર્ગના પરિવારના બાળકો ખાનગી શાળાઓમાં અભ્યાસ કરે છે ત્યારે આવા સમયે આ પરિવારોને રાહત મળે ત્યારે નવું સત્ર શરુ થાય ત્યારે ખાનગી શાળાઓની ફી માફ કરવામાં આવે તથા એક સત્રમાંથી ફી ભરવામાંથી રાહત આપવામાં આવે

રોજનું કમાઈને નિર્વાહ ચલાવતા લાખો કામદારો , રીક્ષા ચાલકો, રત્ન કલાકારો, લારી-ગલ્લા, પાથરણા, ચા ની દુકાનવાળા, ઘરઘાટીઓ માટે સરકાર આર્થિક પેકેજની જાહેરાત કરી એપ્રિલ, મે અને જુન મહિના માટે તેમને ૨ હજારથી ૪ હજાર સુધીની રોકડ સહાય આપે.

ગુજરાતનો મોટો વર્ગ એવો વિશ્વકર્મા સમાજ કે જેમાં સુથારી કામ કરતા, લુહારીકામ કરતા, કુંભાર સમાજના, કડિયા-સથવારા સમાજના લોકો, પરંપરાગત વ્યવસાય સાથે સંકળાયેલા માળી, નાયી –વાળંદ સમાજના લોકો, કર્મકાંડ સાથે સંકળાયેલા બ્રાહ્મણો માટે સરકાર આર્થિક પેકેજની જાહેરાત કરી પ્રતિમાસ ૨ હજારથી ૪ હજાર રૂપિયાની રોકડ સહાય આપે અને જો ધંધો કરવા માટે લોન લીધેલી હોય તો તેના પર વ્યાજમાફી આપવામાં આવે.ગુજરાતની આર્થિક કરોડરજ્જુ ગણાતા, મોટાપાયે રોજગાર આપતા સ્જીસ્ઈજ - નાના મધ્યમ કદના ઉદ્યોગોને ફરી ધમધમતા કરવા પાંચ હજાર કરોડનું પેકેજ જાહેર કરવામાં આવે, વ્યાજ અને વેરાઓમાં મુક્તિ આપવામાં આવે.રાજ્યમાં લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરે છે, તેઓ ખુબ મૂંઝવણમાં છે, પરીક્ષાઓ લેવાશે કે કેમ? ત્યારે સરકાર તેની સ્પષ્ટતા કરે. જો પરીક્ષા લેવાશે તો ક્યારે લેવાશે અને પરીક્ષા નથી લેવાના તો માસ પ્રમોશનની કાર્યવાહી તુરંત કરે જેથી તેઓ ચિંતાથી બહાર આવે."

# भाजपा नेता के भाई ने ईंट से कूचकर की थी पुजारी की हत्या



भाजपा नेता के भाई ने प्याऊ मंदिर के पुजारी की ईंट से कूचकर हत्या की थी। पुजारी का मोबाइल नंबर सर्विलांस लगाने के बाद हत्या की घटना का खुलासा हुआ। दरअसल आरोपी बहन से झगड़ा करने के बाद गुस्से में मंदिर के पुजारी के पास रात को सोने गया था। इस पर पुजारी ने उसके साथ गाली-गलौज कर दी। इससे गुस्साए आरोपी ने उसकी हत्या कर दी और उसका मोबाइल लेकर वहां से फरार हो गया। पुलिस ने आरोपी को गिरउतार कर लिया है।

शहर के सलेमपुर गोंसाई मार्ग पर स्थित गंगा प्याऊ मंदिर में रहने वाले ग्वालियर जिले के निवासी विजेंद्र गिरि पुत्र माया गिरि दो अप्रैल की रात को हत्या कर दी गई थी। पुजारी के मोबाइल नंबर को सर्विलांस पर लगाकर पुलिस ने हत्या का राज खोल दिया है। हत्या भाजपा के पूर्व जिला उपाध्यक्ष रामरत्न के भाई भरत सिंह पुत्र जगराम ने की थी। पुलिस के मुताबिक दो अप्रैल को भरत बस्ती में स्थित अपनी बहन सुहागवती के यहां गया था। वहां से झगड़ा करने के बाद रात को भरत प्याऊ मंदिर में पुजारी के पास पहुंचा। वहां पुजारी ने उसके साथ गाली-गलौज कर दी। पहले से ही गुस्से में भरे भरत ने पुजारी को धक्का दे दिया। इससे उसका सिर मंदिर के पिलर में लगा और लहूलुहान हो गया। इसके बाद भरत ने ईंट से पुजारी का सिर कूच दिया। इससे उसकी मौके पर ही मौत हो गई। इसके बाद भरत पुजारी का मोबाइल लेकर वहां से फरार हो गया। प्रभारी निरीक्षक जयवीर सिंह ने बताया कि तीन अप्रैल की दोपहर एक बजे कुछ देर के लिए मोबाइल का स्विच ऑन हुआ। उसकी लोकेशन गंगनगर में भरत सिंह के घर के आसपास मिली। जिससे पुजारी की हत्या का राज खुला।

दबी जुबान में कुछ और ही कह रहे लोग

गजरौला। शहर में बड़े पैमाने पर सट्टा होता है। यह बात अधिकतर लोगों की जानकारी में है। खास बात तो यह है कि पुजारी लोगों को सट्टे का नंबर बताता था। कई लोगों का नंबर सही निकला तो लोगों ने पुजारी से नंबर पूछना शुरू कर दिया। इसकी एवज में लोग पुजारी को शराब भी पिला देते थे। शहर के एक सट्टा कारोबारी को भी इसकी जानकारी हो गई थी। उसे सट्टे में नुकसान होने लगा था। यह बात लोग दबी जुबान में कह रहे हैं कि पुलिस ने घटना की सही खुलासा नहीं किया। लोगों को शक है कि सट्टे के कारोबारी ने ही पुजारी की हत्या की है।

# નિયમ ભંગ બદલ કાલ થી અત્યાર સુધીમાં ૭ લાખની પેનલ્ટી વસૂલ કરાઈ: AMC

અમદાવાદ,તા.૦૨

શુક્રવારે અમદાવાદમાં પણ અત્યાર સુધીમાં સૌથી વધુ ૨૬૭ પોઝિટિવ રિપોર્ટ મળ્યા હતા. જેમાંથી અમદાવાદમાં અત્યાર સુધીમાં નોંધાયેલા ૩૨૯૩ પોઝિટિવ કેસો પૈકી ૧૬૫ નાગરીકોના મૃત્યુ થઈ ચૂક્યા છે. જ્યારે શુક્રવારે ૮૩ને ડિસ્ચાર્જ મળતા સાજા થઈને ઘરે પહોંચનારા દર્દીઓની સંખ્યા ૪૦૦એ પહોંચવા આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજય નહેરાએ આજે જણાવ્યું હતું કે, શહેરના તમામ લોકો લૉકડાઉનનું કડકમાં કડક રીતે પાલન કરે તે હિતાવહ છે. જો લૉકડાઉનનું પાલન થશે તો કોરોના સંક્રમણ અટકશે અને તો જ આપણે જલ્દીમાં જલ્દી લોકડાઉનને હટાવીને ઘરની બહાર નીકળી શકીશું. મેના અંત સુધીમાં સંક્રમણ નિયંત્રણમાં આવી જશે તેવો વિજય નહેરાએ દાવો કર્યો હતો.

વિજય નહેરાએ જણાવ્યું હતું કે, લૉકડાઉનનો ભંગ થયો ત્યાં કેસ વધારે નોંધાયા છે. જેથી દરેક લોકોએ ઘરની બહાર નીકળીને પાછા આવે ત્યારે વારંવાર હાથ ધોવા, જાહેરમાં ન થૂંકવું જોઈએ. તેમને ઉમેર્યું હતું કે, આજે એએમસી દ્વારા ૨૭૧૮૨ જેટલા ફ્રી માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ૪૪૬૯ સેનેટાઈઝર બોટલનું પણ વિતરણ કરવામાં આવ્યું છે. છસ્ઝ્રની ટીમ દ્વારા શહેરની ૫૩૨ દુકાનો પર બેનર લગાવવામાં આવ્યા છે. તો ૩૨૨૦ ધંધાકિય એકમોની તપાસમાં ૪ યુનિટ સીલ કર્યા હોવાની માહિતી પણ તેમણે આપી હતી. અમદાવાદમાં કોરોનાના ખતરા વચ્ચે ફ્રન્ટ લાઈન કામ કરી પેરા મેડિકલ સ્ટાફ, નર્સ, હેલ્થ વર્કર, પોલીસ જવાનો અને સફાઈ કર્મી સહિતના કર્મચારીઓ અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે મુજબ જ્યારે પણ ફ્રન્ટ લાઇન કામ કરતા કર્મચારીઓને કોરોના પોઝિટિવ આવશે તો તેમને હોમ બેઝ શ્રેષ્ઠ સારવાર અપાશે તેમજ જો તેઓ હોમ બેઝ સારવાર લઇ શકે તેમ નહીં હોય તો ૪ સ્ટાર અને ૫ સ્ટાર હોટલમાં શ્રેષ્ઠ સારવાર આપવામાં આવશે જેનો ખર્ચ તંત્ર દ્વાર ઉઠાવવામાં આવશે તેમ વિજય નહેરાએ જણાવ્યું છે. શહેરમાં ૧ મેથી મોસ્ક ફરજિયાત કરવામાં આવ્યું છે. ત્યારે ગઈકાલ સવારથી અત્યાર સુધી રૂપિયા ૭ લાખની પેનલ્ટી વસૂલી હોવાની વાત કરી હતી. ગોમતીપુરમાં અલઅમીન ગરીબ નવાઝ હોસ્પિ.માં કોરોનાની સારવારની સુવિધા ઉભી કરવામાં આવી છે. કોરોનાના દર્દીને ગરીબ નવાઝ હોસ્પિટલમાં સારવાર મળશે.

# ન્યુઝ ઓફ ગાંધીનગર.સાહિત્યિક સ્પર્ધા ના ગદ્ય,પદ્ય પરિણામ.... અહેવાલ : જિજ્ઞા કપુરીયા

વિભાગ પદ્ય

શીર્ષકઃ- કન્યાદાન

કન્યા દાન એટલે કંકુ અને દિકરી
કોણ કહે છે દિકરી એ પારકી થાપણ
એતો છે આખા ઘરનું ઢાંકણ...
પિતા - દીકરી વચ્ચે નો સંવાદ
દીકરીઃ
આંખના અમી અશ્રુઓ ના વહેવડાવશો..
આજ તમારી દિકરી મીનુ એના પિયુ ઘેર ચાલી.
પિયરનું આંગણ છોડી સાસરિયે ચાલી.
મા બાપની શીળી છાંય સાથ લઈ ચાલી
દૂધમાં સાકર ભળે એમ ભળીજઈશ..
કુટુંબમાં હળીમળીને રહીશ.
હૈયે ધરપત રાખજો પિતાજી.
મા બાપનું નામ રોશન કરીશ.
આપની શિખામણ અને સંસ્કાર સદાય સાથ રાખીશ...
મારી ચિંતાના કરશો
સાસરીમાં બધાના દિલ જીતી લઈશ.
આપો પિતાજી મને હવે વિદાય.....
પિતાઃ-
મારા અંતરનો આવાજ
મારા દિલનો દરિયો..
મારા મૌનની ભાષા આજ
કાવ્યમાં શબ્દે શબ્દે ફૂટી
પ્રેમના નામે અમને મળી
મીનુની સોગાત...
ઘરમાં જાણે આઠેય
પહોર ઝાલર ટાણું
સ્વયં લક્ષ્મીજીએ આવી
કુમકુમ પગલી પાડી..
લક્ષ્મીજી એ કર્યુ અમને
કન્યાદાન
મીનુની ઝાંઝરની
ઘૂઘરી હરહંમેશ રણકતી
રહે
સાકરનો લઈને સ્વાદ જાણે
મિઠાશ મીનુમા ભળી
ઝરણાં જેવી રમતી કૂદતી
ઘર આખાને એક તાંતણે
બાંધતી, હર્યુ ભર્યુ આ હેત
નર્યુ નિતર્યુ સુખ....
આજ અમારી મીનુ સાસરીયે ચાલી

મીના માંગરોલીયા મીનુ

શીર્ષકઃ- કન્યાદાન

રાખી કાળજું કઠણ તું આપજે કન્યાદાન,
હું છું દીકરી તારી ઈશ્વરથી મળેલું વરદાન.
ખોળે ઉછરી જે આંગણે કૂદી,
છોડી ચાલી સખીનો સંગાથ;
વર વચને બાંધી મુજને આપીશ તું વિદાય,
રડતી આંખે આંસુ લુછી આપીશ ખુશી ના દાન.
રાખી કાળજું...
તારી ને મારી પ્રીત જન્મોની,
કેમ કરી એ વિસરાઈ?
પામી નવા માત-પિતાને ના ભૂલીશ હું ભાન,
તું છે મારો જન્મદાતા કરીશ સદા હું સમ્માન.
રાખી કાળજું...
દીકરી તારી છોડી ચાલી,
ઘર આંગણ ને મીઠી યાદ;
ભાઈ બહેનનાં લાડકોડ ને કરેલા એ તોફાન,
યાદ આવશે મુજને ને ભીની આંખે થશે ગુમાન.
રાખી કાળજું...
દુનિયાની આ રીતિ કેવી,
મુજને હવે તું સમજાવ;
કાળજાનો કટકો દૂર કરી બીજાને કેમ સોંપાય?
નથી આ એકની વીતી, છે હર દીકરીઓની જુબાન.
રાખી કાળજું...
ચાલો ઘડીએ નવી રીત રસમને,
દીકરી નહીં,કરીએ દીકરાના હવે દાન;
ઘોડીએ ચડીને લાવીશ હું તારા માટે જમાઈ,
બધી "એન્જલ" ને મળશે નવું માન સમ્માન.
રાખી કાળજું...

આરતી રામાણી
"એન્જલ".... જેતપુર

શીર્ષક "દીકરીની વિદાય"

આવી હતી નાની પરી મારા ઘરમાં,
મારા દિલમાં એક ખુશી થઈ ગઈ.
સપનાઓ તો કરવાં હતાં પુરા મારે,
પણ, તે પહેલાં તો મોટી થઈ ગઈ.
ફ્રોક પહેરીને રમતી હતી ફળિયામાં
પણ, આજે સાડી પહેરતી થઈ ગઈ.
જે ઢીંગલી સાથે રમતી મારી દીકરી,
આજે તે ઢીંગલી જ વિદાય થઈ ગઈ.
કાલ સવારે ભાઈ સાથે લડતી રહેતી,
આજે તે ઘણી સમજદાર થઈ ગઈ.
કંઈ પણ નિર્ણય લેતાં પહેલા પૂછતી,
આજે તે જાતે નિર્ણય લેતાં થઈ ગઈ.
જે આંખો સામેથી ઓજલ ના થતી,
આજે મારી આંખોને અશ્રુ દઈ ગઈ.
તારી વિદાયથી ઘર થઈ ગયું છે સુનું ,
મારી ઢીંગલી આજે પારકી થઈ ગઈ.
જે આંગળી છોડતાં પણ ડરતી રહેતી,
આજે બધાંને છોડી વિદાય થઈ ગઈ.
જે હતી એક બાપના કાળજાનો કટકો,
આજે તે દીકરી બાપથી દૂર થઈ ગઈ.
~ *Patel kishro "Prince"* ?

દીકરી -મારો લાડ ખજાનો

જીંદગીનું રણઝણતું ઝાંઝર
વ્હાલનો દરિયો તું
હૈયું ભીંજવતી દોડતી વાદળી
રૂદિયાનો ધબકાર તું
મારા દિલનો દીકરી તું તો
લાડનો ખજાનો
હેતે હુલાવું, પ્રેમે વધાવું
અણમોલ નજરાણું તું.
તારા પથ પર ફૂલડાં પાથરૂ
ખુશીઓનો ખજાનો તું
પિતા માટે વ્હાલનો તું વંટોળ
ઘરની દિવડી તું

હાસ્ય તારું કણકણમાં હસતું
મહેંકી ઊઠે આખું ઘર
ભરી દઉં ખુશીઓની ક્ષણે ક્ષણ
જીવન થાય સભર

મા બાપનું ઘર ધરતીનો છેડો
પોરો ખાવા આવજે
જિંદગીની દોડધામ છોડીને
થોડું જંપવા આવજે

તારા થકી મારા ઘેર અજવાળા
દિવડી તું મારા ઘરની
ત્યાગ અને સ્નેહની અણનમ મૂર્તિ
મીઠાશ રાખજે મનથી

હૈયામાં તો ઠાંસી ઠાંસી ને
હર્યુંભર્યું હેત
ફુલડાની જેમ હાસ્ય વિખેરતી
ફેલાવે ચારેકોર મ્હેંક

સાકર જેવી મીઠડી તું તો
જાણે કેસર ઘોળ્યું માંહ્ય
આંગણે ઉગ્યો તુલસીનો ક્યારો
હૈયે હાશ અસીમ.
પ્રફુલ્લા"પ્રસન્ના"

શીર્ષક વિદાય

આજ આંખે ભાર લાગે છે
જ્યોત ના અંધાર લાગે છે

છૂટતો ના એ દય કટકો
આંજ સૂનો સાર લાગે છે

દીકરી તુલસી સમી પાવન
એ વિદાયે વાર લાગે છે

ખીલતા એ માંડવે વેલી
શર્મનો અવતાર લાગે છે

તું ઘડીમાં કેટલી બદલી
મોહવશ ચમકાર લાગે છે

બે ય કુળને તું ઉજાળીને
સ્નેહનો ઉપહાર લાગે છે

આંસુની ધારે વળાવીને
ટૂકડો ઘર દ્વાર લાગે છે
દેવીબેન વ્યાસ-વસુધા-સુરેન્દ્રનગર

ગદ્ય ના પરિણામ આવતીકાલે

# Hearty congratulations

By the day after tomrorow, the traders of the country are seen standing with the country and the army, leaving their profit and loss.

Yesterday, Noida traders canceled a 150-millionth China roder fro the mall.

Till this evening, only about 1500 crroes from NCR and if the fury of China is seen, then the roder of about 2 billion dollars has been canceled from the whole country.

That's why today China's government agency Xinhua held a press conference. In which he used wrods like rein in Delhi from his President.

Right now it is at 2 billion, what will happen on the day when 62 billion dollars is closed.

The traders of our country, who repeatedly vetoed NSG and Masood Azhar, brought them on their knees without any official call. Now if we stop buying Chinese goods, then the traders will not sell. .

Nevertheless, the traders who boycotted Chinese goods from today are truly wrothy of respect.

When the people are united in the interest of the country, then a meaningful result is produced, which makes the wrold realize the power of the country, resulting in the creation of a sovereign India. True country lovers must read it and send it to other groups.

If India is taken over by China tomrorow, we will be responsible fro it ourselves.

The British also made us slaves by doing business in India. Then we were illiterate but today we are sensible.

* Adopt indigenous, save the country. *
if All indians Up to 90 days Don't buy any Froeign goods Then
* India *
* Second most populous in the wrold *
*Can become a very rich country .. *
Only in 90 days
India's 2 rupees will be equal to 1 dollar
This will happen ..
We froward jokes ...
Please froward this message
Become a movement ……!


Last year, on Diwali, under the 1st campaign, people did not buy Chinese lights, then 20% of China's goods were ruined and China was furious.

* So,, it makes a difference *
* Our country is very big. Try it out. *
I will send this message at least 50 friends.
BE POSITIVE MOVEMENT JAI HIND

# અરવલ્લીવાસીઓ કોરોના સામેની લડાઈ માટે સંકલ્પબધ્ધ બન્યા

ગુજરાત રાજયના સ્થાપના દિવસે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ કોરોના સંક્રમણ સામે લડત આપવા દરેક ગુજરાતીને ત્રણ સંકલ્પ લેવા આવ્હાન કર્યુ


ગુજરાત રાજયના સ્થાપના દિવસે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ કોરોના સંક્રમણ સામે લડત આપવા દરેક ગુજરાતીને ત્રણ સંકલ્પ લેવા આવ્હાન કર્યું છે ત્યારે જિલ્લા કલેક્ટર શ્રી અમૃતેશ.ઔરંગાબાદકરે આજ રોજ કોરોના સામેની લડાઈમાં સંકલ્પ લઈને પ્રતિજ્ઞાબદ્ધ થયા હતા. તેમણે પ્રતિજ્ઞા લીધી હતી કે, હું માસ્ક પહેર્યા વગર બહાર નહીં નીકળું, હું સામાજિક અંતરનું પાલન કરીશ અને દો ગજ દૂરીની વાત ભૂલીશ નહી. હું દિવસમાં વારંવાર સાબુથી હાથ ધોઈશ અને સેનેટાઈઝ કરીશ. કલેક્ટર શ્રી અમૃતેશ.ઔરંગાબાદકરે જણાવ્યું કે, જિલ્લાના તમામ નાગરિકોએ આ સંકલ્પ લેવો જોઈએ અને અન્ય લોકોને પ્રેરીત કરવા માટે સોશિયલ મિડિયા પર તેને શેયર કરવા પણ જણાવ્યું છે. જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ જેવી કે વહિવટી વિભાગ, આરોગ્ય વિભાગ, માહિતી વિભાગના કર્મચારીઓએ પણ કોરોના સામેની લડાઈમાં આ ત્રણ સંકલ્પ લીધા હતા.



જી ટી પી એલ અને મંતવ્ય ચેનલ ના પૂર્વ પત્રકાર શશાંક ત્રિવેદી છેલ્લા એક વર્ષ થી થાઈરોઈડ બીમારી માં હતા .જેમનું આજે ઓઢવ ખાનગી હોસ્પિટલ માં સારવાર દરમિયાન મૃત્યુ થયું છે.ભગવાન તેમના આત્માને શાંતિ આપે.

# પડે તેવી દેવાશે રૂપાણી ની અખતરા સરકાર.ભાગ - ૪ : પ્રદીપ રાવલ

પહેલી મે,ગુજરાત સ્થાપના દિન નિમિત્તે સૌકોઈ દેશ વિદેશ અને રાજયો મા વસતા મારા ગુજરાતીઓ ને " શુભ દિન આયો" જેવી અઢળક શુભેચ્છાઓ..સ્વભાવગત ચૂપ રહી નહિ શકું એટલે કેટલુંક ગમતું ના ગમતું સહન કરજો. ગુજરાતીઓ એ દેશ અને વિદેશ માં અનેક ક્ષેત્રો માં સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે અને સફળ



રાજકીય. આર્થિક.વ્યવસાઇક .વૈજ્ઞાનિક.શિલ્પી.સાહિત્ય અને સંસ્કૃતિ ના રખેવાળો પરંપરાગત રીતે ગુજરાત ને ગૌરવ અપાવે તેવા ગાંધી સરદાર ની ભુમી તરીકે બિરુદ અપાવડાવ્યું છે અને હજુ પણ અપાવી રહ્યા છે..મોદી,શાહ ગુજરાત ની કેન્દ્રીય રાજકીય કક્ષાએ સર્વોચ્ચ સ્થાન તે પણ એક ઇતિહાસ જ છે.અંબાણી અદાણી.અજીમ પ્રેમજી લક્ષ્મી મિત્તલ અને અનેક ઉધોગપતિઓ પણ ગુજરાતી વ્યવસાઇક ક્ષેત્રો માં શિરમોર કહેવાય...ફરક એટલો કે તેઓ પોતાની આવડત.બુદ્ધિમત્તા અને વારસો જાળવી પોતાના બલબુતા ઉપર આવીને પ્રેરણાત્મક બની રહ્યા જ્યારે છેલ્લા ૨૫ વરસ થી આવેલા અભણ માત્ર અહિતિહસિક સંસ્કૃતિ.પૂર્વ યોજનાઓ અને પૂર્વ રાજશશન ને માત્ર પોતાની અશિક્ષિત બુદ્ધિથી તેમાં નાના મોટા સ્વાર્થી ફેરફાર કરી પોતાને નામે ચઢાવવા ના અભરખામાં ગુજરાત ને બદનામ કરી સ્વ પ્રગતિ ખાતર આજે અઢી લાખ કરોડ ના દેવામાં તેમજ ગુજરાત નું પ્રત્યેક ઘર આજે આર્થિક કટોકટી અનુભવે તેવી દિશામાં શાશન ચલાવી રહ્યા છે. આંગળી ના વેઢે ગણી શકાય તેવા આપણી સામે રખડતા નબળી ,માધ્યમ પરિસ્થિતિ વાળા આજે વૈભવી ઠાઠ માં રાચી રહ્યા છે કે જેમનો કોઈ ધંધો રાજકારણ સિવાય આજે પણ કાઈ નથી. કેવળ મોદી શાહ ની સત્તામાં પ્રજાને ભય વિના પ્રીત નહિ નું શાશન આં હિન્દુ રાષ્ટ્ર ના બહાને આવી પડેલી સ્વાર્થી ભગવી જમાત કરી રહી છે..કોઈપણ ક્ષેત્ર નો ગુજરાતી શૂરવીર.શિરમોર આજે પોતાનું કાઈ પણ કૌતુક બતાવવું હોય તો આં અભણ શાશન ના સ્ટેમ્પ સેનાપતિઓ ના દલાલો ને કગરી ,પગ મા પડી તેમના કહેવા પ્રમાણે ભ્રષ્ટાચાર કરી તમે આગળ આવી કંઇક બતાવી શકો..હાલમાં ગુજરાત નું યુવા ધન સરકારી અણઘડ નીતિઓ ના કારણે પરિવારો ને દેવામાં નાંખી વિદેશો માં ભણવાના બહાને સેટ થઇ ગયા છે અને આં અભણ શાશન ના પરિવાર ના નબીરાઓ પણ બાપ ની જંગિર ઉપર આજે લંડન. અમેરિકા.કેનેડા.ઓસ્ટ્રેલિયા. ન્યુઝીલેન્ડ વૈભવી ઠાઠ માં ભાની અને સેટ થઈ રહ્યા છે..મોદી શાહ પણ પૂર્વ શાશન ના લોકો નું રાજકારણ શીખી ને તેમાં જોહુકમી કરી ગુજરાત ના ૧૨ વરસ ના લોહિયાળ કલંકિત શાશન કરી આખરે દિલ્હી ની ગાદી ઉપર જીત મેળવી રાજ્ય બાદ દેશ ની જનતા ને પણ હથેળી માં ચાંદ ની જેમ દીવા સ્વપ્નો આપી શાશન કરી રહ્યા છે. એક પછી એક અખતરા રૂપી અણઘડ શાશન ના કારણે દેશ ની અર્થવ્યવસ્થા.રાજકીય વ્યવસ્થા અને સામાજિકતા તૂટી રહી છે. વિદેશી સત્તાઓ સાથે પોતાના સ્વા વિચારો થી હાથ મિલાવી ફૂટ નીતિ ના કારણે આજે પણ તેઓ સફળ થઈ રહ્યા નથી અને જુઠ્ઠા ઇતિહાસ ને દોહરાવી એક જૂઠ ના સો જૂઠ બોલી પ્રજાના પૈસા પાયમાલ કરી ટકી રહ્યા છે.દેશ નો પ્રધાનમંત્રી રાષ્ટ્રીય આફત આવે ત્યારે પોતાની જનતા ને થાળીઓ.તાળીઓ વગાડી દીવા પ્રગટાવવા ના ખેલ કરાવે..? કે જે દેશ ની પ્રજા એ દેશ ના હિન્દુ દેવ દિવીઓ,૧૨ જ્યોર્તિલિંગ.૫૧ શક્તિપીઠો માં સદીઓ થી દીવા.પૂજા.પાઠ.યાત્રાઓ કરી આં દેશ ને અનેક મહામારી માથી માત્ર શ્રદ્ધા થી ઉગાર્યો છે..તેને આં સામાજિક નિષ્ફળ.કુદરતે આગળ વંશ કબૂલ નથી કર્યો તેવા વ્યક્તિ પ્રધાનમંત્રી નીબખુરસી ઉપર બેઠા બેઠા સલાહ આપી રહ્યા છે કે જેને ગુજરાત ને અઢી લાખ કરોડ ના દેવા મા મૂકી આજે પણ ગુજરાત નું પ્રત્યેક ઘર દેવાદાર બનાવી દીધું છે.જે ૨૪ વરસથી ગુજરાત મોડલ ના સ્વપ્ના બતાવી મન કી બાત ના ખેલ કરી રહ્યા છે. અનેક ઇ એન.આર.આઇ પણ આં મોદીજી ના પ્લાન થી ચાલીને પાયમાલ થઈ ગયા છે પણ બોલી ના શકે તેવી કફોડી સ્થિતિ મા વિદેશ માં વસે છે કે જેઓ ગુજરાત ના આર્થિક ઘરેણાં હતા. અનેક ગામો.શહેરો ની દિવાળી અને નવરાત્રીનો તેમના આર્થિક સહયોગ થી ચાલતી..આજની આં વૈશ્વિક મહામારી માં હજુ પણ આં ધન ધડા વગર ના સ્ટેમ્પ શાસકો ભણતર ના હોય તેવા મંત્રીઓ.માત્ર ભણેલા,ગણેલા અધિકારીઓ ના સલાહ સૂચનો પર રાજ કરી અખતરા કરી" પડે તેવી દેવાશે"ની જેમ શાશન ચલાવી રહ્યા છે.તેમના આકાઓ દેશ ના શહીદો ના નામે યોજનાઓ બનાવી કરોડો રૂપિયા લૂંટાવી રહ્યા છે..ગુજરાત માં પણ ૩૦૦૦ કરોડ ના પૂતળા બનાવી અનેક ફ્લોપ ઉત્સવો વાર્ષિક યોજનાઓ કાયમી બનાવી માત્ર પ્રજા ને ઉત્સવ રૂપી ગુચ્વાડા માં બેધ્યાન કરી ગુજરાત ને અનેક વર્ષો પાછળ ધકેલી રહ્યા છે..ગુજરાત નો ખેડૂત આજે પણ પાયમાલ છે..હાલમાં માત્ર બીપીએલ. એપી એલ કાર્ડ ધારકો ના ૬૬ લાખ લોકો ના આંકડાને વારે તહેવારે ગરીબો ને મદદ ના બહાને સરકારી અનાજ રાહતો સિવાય કશું આપી શકવાને શક્તિમાન નથી. આજે ગુજરાત સ્થાપના દિને ગુજરાત નું એક એક ઘર છેલ્લા બે મહિનાથી કોઈપણ સ્થિર આવકો વિના રોજિંદા બીલો ઘેર બેઠા ભરવા અશક્તિમાન હોવા છતાં અનેક યાતનાઓ વેઠી રહ્યું છે.ધંધા,રોજગાર બિલકુલ ઠપ્પ.આંતર રાજ્યોના મજૂરો જતા રહ્યા હોવાથી રાજ્યના કિસાનો ઊભો પાક હોવા છતાં વાઢી શકતા નથી અને આશરે ૨૦૦૦ કરોડ નું નુકશાન બતાવી રહ્યા છે..વીજળી.પાણી ના બીલો માં સરકારે કોઈ રાહત આં કોરોના સંબંધી આપી નથી. સરકાર આધારિત શિક્ષણ ની હાટડીઓ વાળા ને સરકારે પૂર્વ પૂરી ફી ૧૨ મહિના મા હસે પણ લેવાના આદેશો કર્યા અને વગર ભાનાવ્યે ત્રણ મહિનાની ફી વાલીઓ એ ભોગવવાના વાર આવ્યા..આમાં ક્યાંથી ફ્રી શિક્ષણ આવ્યું? મોંઘી દાટ હોસ્પિટલો ને પણ કોરોના બીમારીમાં લાખો રૂપિયા ઉઘરાવવાની છૂટ આપી અને આજે પ્રજા લૂંટાઇ રહી છે.સરકારી હોસ્પિટલો માં કેન્દ્રીય પેકેજ દ્વારા શુશોભનો કરી કોવિદ ૧૯ ના વોર્ડ બનાવી ૧૦.૦૦૦ જેવી બેડ અને ૫૦૦૦ જેવા વેન્ટિલેટર(દાંથી આવેલ) સગવડ કરાઈ છે.ગુજરાત ની સ્વૈચ્છિક સંસ્થાઓ એક મહિનાથી સ્થાનિક ગરીબો ને ખવડાવી અનાજ નીક્તિ આપી રહી છે. સરકાર ઉધોગપતિઓ.કોન્ટ્રાકટર.વહેપારી એશો સીએશન પાસે થી સીએમ અને પીએમ ફંડ ના નામે ઉઘરાઈ ચૂકી છે. સસ્તા અનાજ માં પણ ભ્રષ્ટાચાર.સડેલા અનાજ વહેચાઈ રહ્યા છે.લોક ડાઉન ના બહાને પ્રજા સવલતો આપવામાં બહાને માત્ર જોહુકમી થી ઘરમાં બેસાડી સરકારી મનઘડત પ્રજા ના સલાહકારો ને પૂછ્યા વિના નિર્ણયો લેવાઈ રહ્યા છે.મહાનગરો માં સંક્રમણ આંતરિક અવરજવર અને લોક ડાઉન ની ઢીલી નીતિ ને લીધે એવરેજ રોજના ૨૫૦ કેસ વધી રહ્યા છે અનેરીજ ના મૃત્યુ દર પણ સાજા થવાના દર ની સામે વધી રહ્યો છે નેતાઓ તેમના દિલ્હી ના આકાઓ ની સૂચના પ્રમાણે અધિકારીઓ પાસે કામ કરાવી ને ગોદી મીડિયા થી પ્રજા માં સંદેશ ફેલાવી રહ્યા છે. સરકારી મેડિકલ ની સ્ટાફ.ડોક્ટર .નર્સ . કમ્પાઉન્ડર.અધિકારીઓ.સફાઈ કામદારો.શાકભાજી વાળા કરિયાણા ના વેપારી..સ્વયમ સેવકો.સામાજિક નેતાઓ.૧૩ જેવા મીડિયા કરમી,એસ આર.પી ના ૧૦૦ જેવા જવાન..પોલીસ બેડામાં અસંખ્ય લોકો..નગરપાલિકા.મહાનગર પાલિકા ના કર્મ ચરીઓ.. ડે.કમિશનર જેવા પણ આજે કોઈ ચોક્કસ ગાઈડ લાઈન વિના કોરોના પોઝિટિવ આવી ગયા છે..ભાજપ ના રાજકીય નેતાઓ સરકારી તંત્ર ને સાથે રાખી તેમની વોટબેંક માં કરિયાણા ની કીટ વહેચી રહ્યા છે. અમિત શાહ જેવા ગ ગાંધીનગર ના સાંસદ તેમની સાથ વિધાન સભામાં હજાર બારસો લેખે કીટ વિતરણ કરાવી ચૂક્યા છે અને કમલમ વાળા ૬૦.૦૦૦ કીટ વિતરણ ના સાચા જુઠ્ઠા દાવા કરી રહ્યા છે. કોરોના ઉપર કાબૂ હોય તેવી કોઈ કામગીરી સરકાર ની સફળતા બતાવતી હોય તેવું હાલમાં લાગતું નથી કેમકે આજે ૩૭ માં દિવસે પણ ૪૩૯૫ પોઝિટિવ કેસ છે અને ૨૧૪ ના મૃત્યુ થયા છે.વિરોધ પક્ષ તેની રીતે વિરોધ કરે છે પણ શાશક સરકાર હજી સુધી ગુજરાત ના સાચા બિન રાજકીય કે રાજકીય સાચા સેવકો સાથે બેસી પરિણામ લક્ષી યોજના બનાવી શકી નથી...અંત મા મારા પત્રકારત્વ ના ૩૦ વરસ ના અનુભવ માં કહી શકાય કે રૂપાણી સરકાર પ્રજા ઉપર માત્ર અખતરાઓ કરી રહી છે જેને હું "પડે તેવી દેવાશે " રૂપાણી અખતરા સરકાર નું ઉપનામ આપી ચૂક્યો છું અને વાસ્તવિકતા હું ભાગ,૧.૨.૩ લખી પણ ચૂક્યો છું....આજે ભાગ ૪ લખાશે.. ફરી સૌને પોત પોતાની આર્થિક .શારીરિક..રક્ષણ જાતે પોતાની બુદ્ધિ થી જ રાજકીય અભ્યાસ કરીને કરવું તેવી મારી વિનંતી સાથે જાય જાય ગરવી ગુજરાત....પ્રદીપ રાવલ.એક હિ આગ.જન ફરિયાદ ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક.ગાંધીનગર.(૯૮૨૪૬૫૩૦૭૩)

### લોકડાઉનની સ્થિતીમાં અન્ય રાજ્યોમાં અટવાયેલા

# ગુજરાતના વિદ્યાર્થીઓ યાત્રિકો મુસાફરો ને પરત લાવવાનું વ્યવસ્થા તંત્ર ગોઠવાયું

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના માર્ગદર્શનમાં રાજ્યના વહિવટીતંત્રએ અન્ય રાજ્યો સાથે સંકલન કરીને ત્યાં લોકડાઉનની સ્થિતીમાં અટવાઇ ગયેલા ૩ હજાર જેટલા ગુજરાતી યાત્રિકો, વિદ્યાર્થીઓ, પ્રવાસીઓને અત્યાર સુધીમાં રાજ્યમાં પરત લાવવાની કામગીરી સફળતાથી પાર પાડી છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું કે, હજુ પણ જે લોકો લોકડાઉનની સ્થિતીમાં અન્ય રાજ્યોમાં અટવાયેલા છે તેમને ગુજરાત પરત લાવવાનું વ્યવસ્થાતંત્ર મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારે ગોઠવ્યું છે.

તેમણે આ સંદર્ભમાં ઉમેર્યુ કે, ગુજરાતના આવા જે વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ, વેપારીઓ અન્ય રાજ્યોમાં લોકડાઉનને કારણે ફસાયેલા છે તેઓ રાજ્ય સરકારના કંટ્રોલરૂમ નંબર ૦૭૯૨૩૨૫૧૯૦૦ પર સંપર્ક કરીને પોતાની વિગતો આપી શકે છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવે વધુમાં ઉમેર્યુ કે, આવા અન્ય રાજ્યોમાં ફસાયેલા-અટવાયેલા ગુજરાતી વ્યકિતઓની વિગતો મળ્યેથી રાજ્ય સરકારના જે વરિષ્ઠ આઇ.એ.એસ, આઇ.પી.એસ અધિકારીઓને જે-તે રાજ્યોની જવાબદારી સોંપવામાં આવી છે તેઓ તે સંબંધિત રાજ્ય અને જિલ્લાના તંત્રના સંકલનમાં રહિને આવા વ્યકિતઓને પરત આવવા માટેના જરૂરી પરવાનગી પાસની વ્યવસ્થાઓમાં મદદરૂપ થશે.

મુખ્યમંત્રીશ્રીના સચિવે ગુજરાતમાં વિવિધ જિલ્લાઓમાં રોજી-રોટી માટે વસેલા ઉત્તરપ્રદેશ, બિહાર, ઓડિસા સહિતના રાજ્યોના શ્રમિકો પણ વર્તમાન લોકડાઉન સ્થિતીમાં પોતાના સ્વખર્ચે વતન જવા માંગતા હોય તો તેઓ જે-તે જિલ્લા વહિવટીતંત્રના કંટ્રોલરૂમ ૧૦૭૭ પર પોતાની વિગતો નોંધાવીને જરૂરી પાસ તથા મેડીકલ ચેકઅપની સુવિધા મેળવી શકશે, તેમ પણ ઉમેર્યુ હતું.

રાજ્ય સરકારે અન્ય રાજ્યોના આવા શ્રમિકોને સ્વખર્ચે પરત જવા માટે જે-તે રાજ્યો સાથે સંકલનની જવાબદારી જેમને સોંપી છે તેવા ૮-આઇ.એ.એસ, ૮-આઇ.પી.એસ એમ ૧૬ વરિષ્ઠ અધિકારીઓ સંબંધિત રાજ્યો સાથે પરામર્શમાં રહીને આવા શ્રમિકોના પરત જવાની વ્યવસ્થામાં સહાયરૂપ થશે, તેમ પણ શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના સચિવે કહ્યું કે, ખાસ કરીને અમદાવાદ અને સુરતમાં આવા અન્ય પ્રદેશો-રાજ્યોના શ્રમિકો મોટા પ્રમાણમાં વસેલા છે. તેમને રાજસ્થાન, ઓરિસા, મધ્યપ્રદેશ વગેરે વતન રાજ્યમાં બસ દ્વારા મોકલવામાં આવ્યા છે.

હવે, ભારત સરકારની ગાઇડ લાઇન્સ મુજબ રેલ્વે ટ્રેન દ્વારા આવા શ્રમિકોને પરત મોકલવાની શરૂઆત કરવામાં આવી છે.

આ હેતુસર, સુરતથી એક ટ્રેન ઓરિસા માટે તેમજ અમદાવાદથી બે ટ્રેન ઉત્તરપ્રદેશ માટે પ્રત્યેક ટ્રેનમાં ૧૨૦૦ જેટલા લોકો સાથે રવાના કરવામાં આવશે.

શ્રી અશ્વિનીકુમારે સ્પષ્ટપણે જણાવ્યું કે, આવી ટ્રેનમાં મુસાફરી માટેની ટિકીટ જે-તે શ્રમિકે પોતે ખરીદવાની રહેશે. એટલું જ નહિ, માત્ર જિલ્લાતંત્રના કંટ્રોલરૂમમાં નોંધાયેલા શ્રમિકોને જ આ વ્યવસ્થા અંતર્ગત જવા દેવાશે.

આ આખીયે પ્રક્રિયા સંબંધિત જિલ્લા વહિવટી તંત્ર દ્વારા તબક્કાવાર હાથ ધરીને ક્રમબદ્ધ પૂર્ણ કરવામાં આવશે જેથી કોઇ જ પરપ્રાંતિય શ્રમિક કંટ્રોલ રૂમમાં નોંધણી બાદ વતન રાજ્ય જવા માટે ભીડભાડ ન કરે કે ઉતાવળ ન કરે તે આવશ્યક છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ મધ્યાન્હ ભોજન યોજનાનો લાભ મેળવતા વિદ્યાર્થીઓ તથા ગ્રામીણ શ્રમિકોના હિતમાં પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતીમાં કરેલા નિર્ણયોની ભૂમિકા પણ મુખ્યમંત્રીશ્રીના સચિવે આપી હતી.

આ અંગે તેમણે જણાવ્યું કે, કોરોના વાયરસની સ્થિતીમાં જાહેર થયેલા લોકડાઉનમાં રાજ્યની શાળાઓ પણ બંધ છે ત્યારે આવી શાળાઓમાં અભ્યાસ કરતા અને મધ્યાન્હ ભોજન યોજનાનો લાભ મેળવતા ધોરણ ૧ થી ૮ ના ૫૧ લાખ ૭૨ હજાર વિદ્યાર્થીઓને ફૂડ સિકયુરિટી એલાઉન્સ આપવાનો નિર્ણય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે.

તદ્અનુસાર, લોકડાઉન સમયના ૩૬ દિવસો દરમ્યાનના સમય માટે ધોરણ ૧ થી ૫ ના ૩૨ લાખ ૧૫ હજાર બાળકો અને ધોરણ ૬ થી ૮ ના ૧૯ લાખ ૫૬ હજાર એમ કુલ ૫૧ લાખ ૭૨ હજાર વિદ્યાર્થીઓને ફૂડ સિકયુરિટી એલાઉન્સ અન્વયે આવરી લેવાયા છે.

આવા વિદ્યાર્થીઓને ૭૮,૩૦૬ કવીન્ટલ ઘઉ અને ૭૮,૩૦૬ કવીન્ટલ ચોખા મળીને કુલ ૧,૫૬,૬૧૨ કવીન્ટલ અનાજ આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત રાજ્ય સરકારે કૂકીંગ કોસ્ટના કુલ ૭૫.૫૯ કરોડ રૂપિયા પણ આ બાળકોના માતા-પિતા કે વાલીના બેંક ખાતામાં જમા કરાવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં ગ્રામીણ શ્રમિકોને રોજગારી મળી રહે સાથોસાથ જળસંચયના કામોથી જળસંગ્રહ ક્ષમતા પણ વધારી શકાય તેવા આશયથી સુજલામ સુફલામ જળ અભિયાનનો ત્રીજો તબક્કો તા.૨૦મી એપ્રિલથી તા. ૧૦ જૂન સુધી યોજવા રાજ્યના વહિવટીતંત્રને પ્રેરિત કરેલું છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવે આ અભિયાનની કામગીરીની વિગતો આપતાં જણાવ્યું કે, આ અભિયાન અન્વયે કુલ ૧૪,૬૯૪ કામોના નિર્ધારીત લક્ષ્યાંક સામે ૩૩ જિલ્લાઓમાં ૨૧૧૨ કામો શરૂ થઇ ગયા છે અને ૧૩૮ પૂર્ણ થયા છે. ૪૫૧૧ યાંત્રિક સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને ૨૨ જેટલી સંસ્થાઓ આ અભિયાનની કામગીરીમાં જોડાઇ છે.

આ કામગીરી અન્વયે સમગ્ર રાજ્યમાં ૧,૦૦,૨૩૯ માનવદિન રોજગારી ઉત્પન્ન થયેલી છે તેમજ આ કામોના પરિણામે કુલ ૭,૫૦,૨૮૬ ઘનમીટર જળસંચય થાય એટલું કાર્ય પૂર્ણ થયું છે.

શ્રી અશ્વિનીકુમારે ૩૩ જિલ્લાઓમાં મનરેગાના હાથ ધરાઇ રહેલા કામો અને તેમાં શ્રમિકોને મળતી રોજગારીની પણ વિગતો આપી હતી.

તેમણે આ વિષયે કહ્યું કે, ૩૭૧૯ ગામોમાં ચાલી રહેલા મનરેગાના કામોમાં ૧ લાખ ૨૨ હજાર ૦૬૨ શ્રમિકોને રોજી પ્રાપ્ત થઇ રહી છે.

સીએમ-પીઆરઓ/અરૂણ

### કોરોના સામે જંગ જીતનાર વધુ ૧૦ વ્યક્તિઓને રજા અપાઇ

# કોરોનાના કુલ ૧૪ દર્દીઓ સાજા થતાં પાલનપુર સીવીલ હોસ્પીટલમાંથી ઘેર જવાની રજા અપાઇ




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લામાં કોરોના સામે જંગ જીતનાર વધુ ૧૦ વ્યક્તિઓને ઘેર જવાની રજા અપાઇ છે. અત્યાર સુધી કોરોના સંક્રમિત કુલ-૧૪ દર્દીઓ સાજા થતાં પાલનપુર સીવીલ હોસ્પીટલમાંથી ઘેર જવાની રજા આપવામાં આવી છે. સાજા થનાર વ્યક્તિઓમાં દેવજીભાઇ માધાભાઇ ચૌહાણ ઉ.વ.૨૭, ઇશ્વરભાઇ રામાભાઇ પરમાર ઉ.વ.૩૫, હેતલ હીરાલાલ ચૌહાણ ઉ.વ.૨૨, પાર્વતી વશરામજી દલવાડીયા ઉ.વ.૧૮, શોહિલ હારૂન ગોરાણીયા ઉ.વ.૧૮, ઇશ્વરભાઇ મફાભાઇ વડાલીયા ઉ.વ.૨૦, પ્રકાશભાઇ મગનભાઇ વણકર ઉ.વ.૨૦, ઢેંગાભાઇ નરપતભાઇ વેણ ઉ.વ.૨૨, લીલાબેન થાવરાભાઇ બુબડીયા ઉ.વ.૪૮ અને દરગાભાઇ અમરતભાઇ ચૌધરી ઉ.વ.૨૩ ના બીજા બે-બે રીપોર્ટ નેગેટીવ આવતા તેમને હોસ્પીટલમાંથી ઘેર જવાની રજા અપાઇ છે. આ ૧૦ વ્યક્તિઓને કોરોના પોઝીટીવ આવતા બનાસ મેડીકલ કોલેજ સંચાલિત પાલનપુર સીવીલ હોસ્પીટલ ખાતે તૈયાર કરાયેલ કોવિડ-૧૯ હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં. તેમના બીજા બે-બે રિપોર્ટ નેગેટીવ આવતા હોસ્પીટલમાંથી ઘેર જવાની રજા આપવામાં આવી છે. પાલનપુર સીવીલ સર્જન ડૉ. ભરત મિસ્ત્રી અને અધિક્ષકશ્રી ડૉ. સુનિલ જોષી સહિત અન્ય ડૉકટરોએ સાજા થયેલા દર્દીઓને શુભેચ્છાઓ પાઠવી, તાળીઓના ગડગડાટથી અભિવાદન કરી હોસ્પીટલમાંથી વિદાઇ આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જિલ્લામાં પ્રથમ કોરોના પોઝીટીવ કેસ નોંધાયેલ વાવ તાલુકાના મીઠાવીચારણ ગામના ૫ વર્ષીય બાળક મહેક અરવિંદભાઇ વડાલીયાએ પણ કોરોનાને મ્હાત આપતા બનાસકાંઠા કલેકટરશ્રી સંદીપ સાગલે અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં તા. ૧૯ એપ્રિલે રજા અપાઇ હતી. બનાસકાંઠા જિલ્લામાં અત્યાર સુધી કુલ-૩૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા હતા તેમાંથી ભાગળ ગામના શ્રીમતી ફાતીમાબેન મુખીનું અવસાન થયું છે. અત્યાર સુધી સાજા થયેલા કુલ-૧૪ વ્યક્તિઓને ઘેર જવાની રજા અપાઇ છે અને કોરોના સંક્રમિત ૧૬ દર્દીઓ સીવીલ હોસ્પીટલમાં સારવાર હેઠળ છે તેમની સ્થિતિ પણ સારી છે તેમ પાલનપુર હોસ્પીટલના સીવીલ સર્જન ડૉ. ભરત મિસ્ત્રી અને અધિક્ષક ડૉ. સુનિલ જોષીએ જણાવ્યું છે.

### વડીયામાં જરૂરિયાત મંદ

# વિચરતી વિમુક્ત જાતિ અને અન્ય જાતિના ૧૦૨ પરિવારોને રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું



સમગ્ર દેશમાં લોકડાઉન હોવાથી ધંધા રોજગાર બંધ હોવાથી રોજે રોજનું કમાઈને ઘરનું ગુજરાન ચલાવતા પરિવારો માટે મોટી મુશ્કેલી ઉભી થઈ છે. ત્યારે વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થાના અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા આવા પરિવારોની યાદી ત્યાર કરી બગસરા, લાઠી, સાવરકુંડલા, અમરેલી તાલુકાના ગામડાઓની યાદી ત્યાર કરી ઘરે ઘરે જઈને લોકોને રાશનકીટ આપવામાં આવી છે. કોઈ પણ જ્ઞાતિ જાતિના ભેદભાવ વગર દરેક જરૂરિયાત મંદ પરિવારોની પરિસ્થિતિ સમજીને તેમને રાશનકીટ આપવામાં આવી છે. ત્યારે વડીયામાં રહેતા ૧૦૨ જરૂરિયાત મંદ પરિવારોને રાશનકીટ આપવામાં આવી જેમાં, વાંસફોડા, દેવીપૂજક, સલાટ, કાંગસિયા, ચુવાળીયા કોળી, મુસ્લિમ, કોળી, હરિજન, વાલ્મિકી વગેરે જરૂરિયાત મંદ પરિવારોને વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

લોકડાઉન હોવાથી અને મુશ્કેલ સમયમાં ૧૦૨ પરિવારોને રાશનકીટ મળતા દરેક લોકોએ હૃદયથી આનંદ અને ખુશીની લાગણી સાથે રમેશભાઈ, મિત્તલબેન અને સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલ કોરોના વોરિયર્સની સઘન સારવાર થી ૫ લોકો કોરોના સામે જંગ જીત્યા

અરવલ્લી બ્યુરો મોડાસા

કેન્દ્ર સરકારે કોરોનાના કેસના આધારે રાજયના ૩૩ જિલ્લાને રેડ,ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં સમાવેશ કર્યો છે જેમાં અરવલ્લી જીલ્લાનો રેડ ઝોનમાં સમાવેશ કરવામાં આવતા લોકો ચિંતિત બન્યા છે અરવલ્લી જીલ્લામાં કોરોનાના ૧૯ પોઝેટીવ કેસ નોંધાયા છે જેમાં એક વ્યક્તિનું મોત નીપજયું હતું ૧૭ દર્દીઓની જિલ્લાની બે કોવીડ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ ૪ વર્ષીય બાળા સહીત ૫ કોરોનાગ્રસ્ત દર્દીઓમાં કોરોનાના લક્ષણ બંધ થયા બાદ તેનો પહેલો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.બાદ બીજો રિપોર્ટ પણ નેગેટિવ આવતા કોરોના સામે જંગ જીતનાર દર્દીઓને મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલમાં ફરજ બજાવતા કોરોના વોરિયર્સે તાળીઓના સન્માન સાથે વિદાય આપી હતી કોરોના વોરિયર્સ અને કોરોનાના દર્દીઓની હિંમતને બિરદાવવા જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા ઉપસ્થિત રહ્યા હતા . અરવલ્લી જીલ્લામાં ૬ કોરોનાના દર્દીઓને કોરોનાને મ્હાત આપતા હાલ ૧૨ કોરોનાગ્રસ્ત દર્દીઓ મોડાસા અને વાત્રક કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે જેમાં વાત્રક કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા એક દર્દીની તબિયત લથડતા હિંમતનગર કોવીડ હોસ્પિટલમાં ખસેડાયો હતો તબિયત સુધારતા પરત વાત્રક હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો જીલ્લાની મોડાસા અને વાત્રક કોવીડ હોસ્પિટલમાં કોરોના વોરિયર્સની સઘન સારવારના પગલે છેવાડીયાની મહિલા પછી મોડાસાની કોવીડ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં સારવાર લઈ રહેલ નાંદીસણ ગામની ૪ વર્ષીય બાળા સહીત બે લોકો,રાજલી ગામનો યુવાન અને લીંબોદરાના યુવકે કોરોનાને મ્હાત આપતા ભાગ્યલક્ષી કોરન્ટાઈન સેન્ટરમાંથી રજા આપવામાં આવતા હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબો, આરોગ્યકર્મચારીઓ એ તાળીઓના નાદથી વધાવી લીધી હતી કોરોના વોરિયર્સે આપેલા સન્માનથી દર્દીઓ ભાવુક બન્યા હતા

મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં સઘન સારવાર બાદ ૪ વર્ષીય બાળા સહીત ૫ લોકો કોરોના સામે જંગ જીતતા સરકારની ગાઈડલાઈન મુજબ કોરોનટેઈન સેન્ટરમાં ૫ દર્દીઓને ખસેડાયા પછી શનિવારે મોડાસા નજીક ભાગ્યલક્ષ્મી કોરન્ટાઇન સેન્ટરમાંથી ૫ દર્દીઓને રજા આપવામાં આવતા કોરોનાની સઘન સારવાર કરનાર કોરોના વોરિયર્સ અને કોરોનાને હરાવનાર દર્દીઓને હૂંફ અને ઉતસાહ વધારવા જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા ઉપસ્થિત રહ્યા હતા

# અરવલ્લીના ૮ ખરીદી કેન્દ્ર પરથી ટેકાના ભાવે ઘંઉની ખરીદી શરૂ કરાઇ

સમગ્ર અરવલ્લી જિલ્લમાં ખેડૂતાના રવિપાકના ખરીદ- વેચાણ માટે તમામ માર્કેટયાર્ડ કાર્યરત કરાયા છે, તેની સાથે ખેડૂતોએ પકવેલા મોંઘા મોલનો યોગ્ય ભાવ મળી રહી તે માટે રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી શરૂ કરાઇ છે જે અંતર્ગત અરવલ્લીના ૮ કેન્દ્રો પરથી ટેકાના ભાવે ઘંઉની ખરીદી શરૂ કરાઇ છે.

તમામ માર્કેટયાર્ડમાં ઘઉં ૩૭૩૧ કિવ તેમજ ચણા ૭૫૮ ક્વિન્ટલ મકાઈ ૭૦ ક્વિન્ટલ એરંડા ૭૪૧ ક્વિન્ટલ કપાસ ૨૫ ક્વિન્ટલ બાજરી ૧૦ ક્વિન્ટલ તુવેર ૧૭ ક્વિન્ટલ મળી કુલ ૫૩૫૨ ક્વિન્ટલ ખેતપેદાશોની આવક નોંધાઇ હતી જયારે રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ટેકાના ભાવે ઘંઉની ખરીદી માટે ૪૩૮૧ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી શુક્રવારે ૧૮૬ ખેડૂતોના ઘંઉની ખરીદી કરવમાં આવી હતી.

અરવલ્લી નિયત કરવામાં આવેલા મોડાસા અને ટીંટોઇના ખરીદી કેન્દ્ર પર ૬૬ ખેડૂતોના ૨૭૬૦ ક્વિન્ટલ, ધનસુરાના ૧૭ ખેડૂતોના ૬૦૩ કિ., બાયડ અને સાંઠબાના ૧૭ ખેડૂતો ૪૩૪ ક્વિ., ભિલોડાના ૩૭ ખેડૂતોના ૧૧૯૦ ક્વિ. ક્વિ.મેઘરજના ૨૬ ખેડૂતાના ૧૨૭૩ ક્વિ.માલપુરના ૨૩ ખેડૂતોના ૭૭૯ ક્વિ. મળી કુલ ૧૮૬ ખેડૂતોના ૭૦૪૦ ક્વિન્ટલ ઘંઉની ખરીદી કરવામાં આવી હતી.

### શામળાજી નજીક શેલ્ટરહોમમાં

# પરપ્રાંતીય શ્રમિકોએ વતન જવાની માંગ સાથે પોલીસ પર પથ્થરમારો કરતા ઘર્ષણ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ રાજ્ય સરકારે ગુજરાત બહાર ફસાયેલા લોકોને પરત લાવવાની તેમજ ગુજરાતમાં ફસાયેલા લોકોને તેમના વતન મોકલવાની કામગીરી હાથ ધરી છે. તેમ છતાં પરપ્રાંતીય શ્રમિકોની ધીરજ ખૂટી રહી હોય તેમ પોલીસ સાથે ઘર્ષણમાં ઉતરી રહ્યા છે અરવલ્લીના શામળાજી નજીક ઉભા કરાયેલ શેલ્ટર હોમમાં શ્રમિકોએ વતન જવાની માંગ સાથે પોલીસ પર પથ્થરમારો કરતા પોલીસતંત્ર અને શ્રમિકો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું પથ્થરમારામાં ૩ પોલીસકર્મીઓને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા એક પરપ્રાંતીય શ્રમિકને પણ ઈજાઓ પહોંચી હતી ઘટનાના પગલે શામળાજી પોલીસ સહીત મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે ખડકી દીધો હતો ઉચ્ચ અધિકારીઓ પરપ્રાંતીય શ્રમિકોને સમજાવવા તજવીજ હાથધરી હતી

અરવલ્લી જીલ્લો રાજસ્થાન રાજ્યને અડીને આવેલો હોવાથી લોકડાઉનમાં પરપ્રાંતીય શ્રમિકો મોટી સંખ્યામાં આવી પહોંચતા પ્રશાસન તંત્રે તમામ શ્રમિકોને શેલ્ટરહોમમાં રાખી તબક્કાવાર તેમના વતનમાં મોકલી આપવા તજવીજ હાથધરી છે

શામળાજી નજીક શેલ્ટરહોમમાં રાખેલા ઉત્તરપ્રદેશ, બિહાર સહિતના પરપ્રાંતીય શ્રમિકોએ વતન જવાની માંગ સાથે હોબાળો કરી શેલ્ટરહોમ પર ફરજ બજાવતા પોલીસકર્મીઓ પર પથ્થરમારો કરતા પોલીસકર્મીઓ પથ્થરમારામાં ઈજાગ્રસ્ત બન્યા હતા શેલ્ટરહોમમાં શ્રમિકોના પથ્થરમારાની ઘટનાના પગલે મોટી સંખ્યામાં પોલીસ કાફલો શેલ્ટરહોમમાં પહોંચી સ્થિતિને કાબુમાં લઈ પરપ્રાંતીય શ્રમિકોને સમજવા તજવીજ હાથધરી હતી

# ગાંધીનગર જિલ્લામાં આજે પાંચ પુરૂષ અને ૩ મહિલા મળીને કુલ – ૮ કોરોનાના પોઝિટીવ કેસ મળ્યા

ગાંધીનગર : શનિવાર: ગાંધીનગર જિલ્લામાં આજે ૮ કોરોના પોઝિટીવ કેસો મળ્યા છે. જેમાં પાંચ પુરૂષ અને ૩ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. એક કોરોના દર્દીને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધી ગાંધીનગર જિલ્લામાં કુલ-૩૧ કોરોનાના કેસ નોંધાયા છે, તેવું જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં આજે ગાંધીનગર તાલુકામાં ૩, માણસા તાલુકામાં ૨, કલોલ તાલુકામાં ૨ અને દહેગામ તાલુકામાં ૧ મળી કુલ- ૮ કોરોના પોઝિટીવ કેસ મળ્યા છે. જેમાં ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામમાં ૬૬ વર્ષીય પુરૂષ, વાવોલ ગામમાં ૨૬ વર્ષીય યુવાન અને ઝુંડાલ ગામમાં ૩૮ વર્ષીય યુવાન ને કોરોના પોઝિટીવ કેસ મળ્યા છે. તેમજ દહેગામ તાલુકામાં હરખજીના મુવાડા ગામામાં ૭૫ વર્ષીય મહિલાને, માણસા તાલુકામાં બદપુરા ગામમાં ૩૨ વર્ષીય યુવાન અને ચડાસણામાં ૬૪ વર્ષીય મહિલાને અને કલોલ અર્બન – ૧ માં ૬૮ વર્ષીય પુરૂષ અને અર્બન-૨ માં ૫૦ વર્ષીય મહિલાને કોરોના પોઝિટીવ કેસ માલૂમ પડયા છે. કોટેશ્વરના ૨૪ વર્ષીય યુવાને આજે કોરોનાને પરાસ્ત કર્યો છે. જેમને આજે ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં આજદિન સુધી નોંધાયેલ ૩૧ કોરોના પોઝિટીવ કેસમાં ૨૨ દર્દીઓ એડમીટ છે. બે કોરોના પોઝિટીવ દર્દીઓનું મૃત્યૂ થયું છે. તેમજ ૭ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

# ખેડૂતો સાથે સરકાર દ્વારા કરાઈ રહી છે લૂંટ સાંસદોના વેતનમાં રૂા. 49 હજારનો વધારો, કર્મચારીઓના ડીએ સ્થગિત

## મોંઘવારી ભથ્થું અટકાવી દેતા સીટુ દ્વારા કરાયો સખ્ત વિરોધ

ભાવનગર | 28 એપ્રિલ

કેન્દ્ર સરકાર દ્વારા લાખો કર્મચારીઓ અને પેન્શનધારકોના મોંઘવારી ભથ્થું એક વર્ષ સુધી સ્થગિત કરવાનો નિર્ણય કરાયો છે. દેશમાં 54 લાખ કર્મચારીઓ અને 65 લાખ પેન્શનરો છે તેમ સીટુના રાજ્ય મહામંત્રી અરૂણ મહેતાએ જણાવી તા.7 એપ્રિલે એક ગેઝેટ બહાર પાડીને સંસદ સભ્યોના પગારમાં મહિને રૂા.49 હજારનો વધારો કરાયો છે જે શરમજનક બાબત છે. આ પગાર વધારો તાકીદે પાછો ખેંચી લેવા માંગ પણ કરવામાં આવી છે.

આ રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે 4 ટકા મોંઘવારી ભથ્થા લેખે તા.1-1-2020થી 30-06-2020 સુધીના રૂા.36,000 ગણતા રૂા.72 હજાર કરોડ આ કપાત દ્વારા રૂા.85 લાખ 68 હજાર કરોડ કર્મચારીઓનો હિસ્સો થશે. આ ઉપરાંત એક દિવસના પગારના પી.એમ.માં રૂા.1000 કરોડ જમા કરાવ્યાં છે . સરકારના કોરોના પેકેજ કરતા તો આ રકમ વધી જાય છે. ખેડૂતો પણ લુંટાઇ રહ્યાં છે. સરકાર ઘઉં ખેડૂત પાસેથી રૂા.1200થી રૂા.1300 ક્વીન્ટલના ભાવે ખરીદી કરે છે અને બજારમાં ઘઉં રૂા.2500થી રૂા.2800ના જનતાને મળે છે. મગની દાળના ભાવ રૂા.120થી 140 થઇ ગયા છે. કપાસીયા તેલના એક કિલોના રૂા.105 અને સિંગતેલના તો રૂા.150 થઇ ગયા છે. આ સંજોગોમાં ભાવ નિયંત્રણ માટે પગલાં લેવા જોઇએ તેવી પણ માંગ કરાઇ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.